# <u>પ્રસ્તુતિ વિષય: 252 વૈષ્ણવ વાર્તા અને ચતુર્થ વલ્લભાખ્યાન ની સંગતિ</u>

*"સરસ વચન ઉચ્ચાર માત્રે, સંશય નો પરિહાર" & "રાજ કાજે જોડિયા જન, ઉચ્ચાવચ નરનાર"*

## સંકલન પ્રેરક: ગોસ્વામી શ્રીશ્યામ મનોહરજી


**સંકલન**:

**પ્રતીક શાહ**
**એજલ પરીખ**
**હીના પંડયા**

# પ્રસ્તાવના

जयति श्रीवल्लभार्यो जयति च श्रीविठ्ठलेश्वरः प्रभुः श्रीमान्!
पुरुषोत्तमश्च तैश्च् निर्दिश्टा पुष्टिर्पध्धतिर् जयति ॥

આ Mini-project કરવાની પ્રેરણા શ્રીશ્યામમનોહરબાવાશ્રીના વલ્લભાખ્યાનના પ્રવચનથી મળી છે. ચોથા વલ્લભાખ્યાનમાં એક કડી આવે છે.....

"મુખ સુંગધે મોહયા અલી સકલ તે, આવી કરે રે ગુંજાર; સરસ વચન ઉચ્ચાર માત્રે, સંશયનો પરિહાર (૪-૭)
સ્વ-સ્વરૂપ અર્થે પ્રોજીયા, કૃત હુતા જે સંસાર; રાજ કાજે જોડીયા જન, ઉચ્ચાવચ નર નાર." (૪-૯)

શ્રીશ્યામબાવા જ્યારે આ કડી explain કરતાં હતા ત્યારે એમણે એવી ઈચ્છા પ્રગટ કરી કે જો કોઈ વૈષ્ણવ શ્રીગુંસાઈજીના "સરસ વચનોનું" compilation ૨૫૨ વૈષ્ણવોની વાર્તામાથી કરે તો એક સુંદર યાદી તૈયાર થાય. શ્રીગુંસાઈજીના સરસ, સચોટ, અને નાના વચનો પણ માર્ગનો **core principle (શરણાગતિ અને નિરૂપાધિક સ્નેહ)** બતાવી રહયા છે અને આપશ્રીએ **situation પ્રમાણે practical solution જીવને આપી રાજ કાજે જોડ્યા છે**. આપશ્રીએ સૌથી વધારે ભાર "નિરૂપાધિક સ્નેહ" પર આપ્યો હોય એવું જણાય છે અને સ્નેહની અપેક્ષા અપરસને ગૌણ રાખી છે.

આ Mini project માં હીનાબેન,એજલબેન અને ગૌરીબેન નો પુષ્કળ સહયોગ છે; એ આજના કાળમાં મળવો દુર્લભ અને અવિસ્મરણીય છે. ભાવિનભાઈએ Guajarati software (Microsoft Indic language input tool for Gujrati app) ની સમયસર મદદ કરી અને ફ્રુણાલે editing અને final touch up એવો સુંદર આપ્યો કે અમને સર્વેને સંતોષની અનુભૂતિ થઈ. આશા છે કે અમારા આ મિનિ-પ્રોજેક્ટથી વૈષ્ણવોને, શ્રીગુંસાઈજીનો પુષ્ટિમાર્ગ, વૈષ્ણવ, અને ઠાકોરજી પ્રત્યેના પ્રેમનો, ખ્યાલ આવશે અને માર્ગના સિદ્ધાંત સમજવાની ઉત્સુકતા જાગશે. એવી મંગલ અભિલાષા સાથે આ સંપૂર્ણ "કૃતિ" અમારા ગુરૂ, શ્રીશ્યામમનોહરજી, ને સમર્પિત કરીએ છીએ.

-પ્રતીક શાહ


अज्ञानतिमिरान्धस्य ज्ञानाञ्जनशलाकया ।
चक्षुरुन्मिलितम् येन तस्मै श्रीगुरुवे नमः ॥


| શ્રેણી Color Format --------> | સરસ વચન | અલૌકિક સામર્થ્ય | અલૌકિક દ્રષ્ટિ અને સામર્થ્ય | સરસ કૃતિ |
|---|---|---|---|---|

**શ્રીગુસાંઈજી કે વચન** ---> Orange color ---> **શ્રીગુસાંઈજી કે વચન**

# વાર્તા ૧ થી ૮૪ (ખંડ ૧ / PDF Part 1)

| વાર્તાનંબર / વાર્તા પ્રસંગ / પેજ નંબર | વાર્તા નામ | પ્રસંગ | સરસ વચન કહી, શંસયનો પરિહાર | રાજ કાજે જોડીયા | શ્રેણી |
|---|---|---|---|---|---|
| વાર્તાનંબર = ૧ / વાર્તા પ્રસંગ - ૧ / Page - ૮,૯,૧૦ (PDF 40-42) | નાગજી ભટ્ટ અને ડોકરી | શ્રીગુસાંઈજીએ નાગજી ભટ્ટને ડોકરી (વૈષ્ણવ)ને ત્યાં સખડી મહાપ્રસાદ લેવાની અને ત્રણ દિવસ ડોકરી સાથે રહેવાની સ્વપ્નામાં આજ્ઞા કરી હતી; આજ્ઞા બંને વૈષ્ણવોને કરી હતી; નાગજી ભટ્ટે અનસખડી મહાપ્રસાદ જ લીધો; કારણ નાગજી ભટ્ટ ગૌડ બ્રાહ્મણ હતા અને એમના મનમાં જ્ઞાતિ વ્યવહાર આવ્યો. | શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી કે "મેરી અંતરંગિની સેવકિની કે ઘર સખડી મહાપ્રસાદ ક્યો નહીં લિયો?"<br><br>(Note: 1. આજ્ઞા બંન્ને વૈષ્ણવોને કરી હતી, "ત્રણ દિવસ રહેવાની અને સખડી મહાપ્રસાદ લેવાની", તો પછી શંકા કેમ થઈ ? 2. કર્ન્ફર્મ પણ કર્યું હતું, તો પછી સખડી કેમ ન લીધી?) | ડોકરી ના ત્યાં સખડી મહાપ્રસાદ લેવડાવી, નાગજી ભટ્ટને દ્રઢ ભાવનું દાન કરાવવું હતું; એવી શ્રી ગુંસાઈજીની ઈચ્છા હતી. "સખડી પુર્ણ સ્નેહ સ્વરૂપ છે" ડોકરી અને નાગજી ભટ્ટ બંનેના "સ્નેહ અને ભાવ" (True love & devotion) માં વૃદ્ધિ કરાવવી હતી.<br>And why three days? ત્રણ દિવસ રાખીને વૈષ્ણવના હૃદયનો અગાધ ભાવ જણાવવો હતો (Repetition to retain the bhav {ભાવ}) | સરસ વચન, અલૌકિક દ્રષ્ટિ, અને સામર્થ્ય |

| | | | | | |
|---|---|---|---|---|---|
| વાર્તાનંબર = ૧ / વાર્તા પ્રસંગ -૫ / Page -૨૨-૨૩ (PDF 54-55) | નાગજી ભટ્ટ | નાગજી ભટ્ટને શ્રીગુસાંઈજીકો વિનંતી પત્ર લખ્યો, શ્રીમહાપ્રભુજી કે ઓર આપકે ગ્રંથમે રહસ્ય બહોત હૈ, કૃપા કરી કે થોડે હી મેં માર્ગ કો રહસ્ય લિખી બતાવો તો આપકી કૃપા સો સ્ફુરે.<br> | श्रीवल्लभाचार्यमतेफलं तत्प्राकटयमत्राव्यभिचारिहेतु: तत्रोपयुक्तानवधोक्तभक्तिस्तत्रोपयोगोऽखिल साधनानाम ॥१॥<br>य: कुर्यात्सुन्दराक्षीणां भवने लास्यनर्तने ।<br>तासां भावनया नित्यं स हि सर्वफलानुभाक ॥२॥ | **<u>શ્રીગુસાંઈજી કો પત્ર :</u>**<br>1. શ્રી વલ્લભાચાર્ય કે માર્ગ વિષે શ્રીઠાકોરજી કો પ્રાગટ્ય હૈ સોઈ ફલ હૈ<br>2. અવ્યભિચારી ભક્તિ હેતુ હૈ<br>3. અનન્યતા હોઇ તાકો નવધા ભક્તિ હૈ (એક એક ભક્તિ કો નૌ જનેન કરી હૈ, તાકો શાસ્ત્ર નિરૂપણ કરત હૈ)<br>4. શ્રી વલ્લભાચાર્યજી કો માર્ગ દસધા પ્રેમલક્ષણા ભક્તિ અધિક પ્રગટ કરે<br>5. વ્રજ ભકત હૈ, ઉનકે ભવન મે લાસ્યનૃત્ય રાસાદિ ક્રીડા પ્રભુ કરત હૈ ---“વ્રજભકતન કી નિત્ય ભાવના કરની” તાતે સર્વ ફલાનુભવ હોઇ.<br>5. નવધા હૈ વો મહામાયા કો સંયુક્ત હૈ ઔર યહાં દસધા હૈ “ સો સબ કાર્ય મે પ્રેમ સંયુક્ત હૈ, વહ શ્રેષ્ઠ હૈ." | સરસ વચન (પત્ર) |

| | | | | | |
|---|---|---|---|---|---|
| વાર્તાનંબર = 3 / વાર્તા પ્રસંગ - 3 / Page -૮૨-૮૩ (PDF 114-115) | શ્રીહરિવંસજી | શ્રીહરિવંસજીને ઊત્તમ વસ્તુ રાત્રિ કો સમર્પી , તાતે શ્રીનાથજી પધારે ઔર આરોગી, પરંતુ ઠાકોરજી કો શ્રમ ભયો ઔર શ્રી ગુંસાઇજીને ઠાકોરજી કો "રસમસે ઔર રગમગે" દેખે<br>. | " શ્રીગુસાંઈજીને હરિવંસજી સો કહી, જો સેવક કો તો યહી ધર્મ હૈ (રેફ્રન્સ: "વસ્તુ પરમ સુંદર દેખી કે મન મે યહ આઈ તો ખરી, જો યહ વસ્તુ કો શ્રીનાથજી કો અંગીકાર કરે તો ભલી બાત હૈ). પરી પ્રભુ કો શ્રમ હોઇ, તાસું જો કાર્ય કરનો વો વિચાર કે કરનો, જામે શ્રીનાથજી કો શ્રમ ન હોઇ, ઔર અપનો ધર્મ રહે, સો કાર્ય ઠાકોરજી કે સેવક કો કરનો, ઔર વહ તો ભગવત લીલા કો તુમ દ્વારા શ્રીનાથજી કી કૃપા તે પ્રાપ્ત ભઇ, વા (રજપૂત) કો તો અલૌકિક સિદ્ધિ ભઇ, પરી એ તો બાલક અજ્ઞાન હૈ. (વિરુદ્ધધર્માશ્રય—remember what relationship you have with શ્રીઠાકોરજી? Son, friend, etc...here it is clearly "બાલભાવ સો સેવા હૈ" ....), મીશ્રી કે લાલચ મે જયો બાલક સર્પ ગ્રહન કરી જાઈ, પરી વાંકો સર્પ કો તો જ્ઞાન નાહી, તાસો જો શ્રમ હોઇ તો બાલક કી સેવા માતા પિતા કો કરની પરે, જૈસે શ્રીઆચાર્ય મહાપ્રભુજી કે સેવક રામદાસજી " આપ અપરસતા છોડી કે સિપાઈ ગિરિ કી ચાકરી .... | Over here we have to see very fine delicacy: ઉત્તમ વસ્તુ કો દેખ કે પહલે પ્રભુ કો હી યાદ કરનો પરંતુ ઠાકોરજી કો શ્રમ ના હોઇ વા કો ખ્યાલ રાખનો ઔર આપનો ધર્મ યહ હૈ કી હમ ઠાકોરજી કે સેવક હૈ -<br><br>(1) ઠાકોરજી કો સ્વભાવ કિતનો કોમળ હૈ<br>(2) વિરુદ્ધધર્માશ્રય<br>(3) શ્રીગુસાંઈજી કો સ્નેહ ઠાકોરજી કે પ્રતિ કિતનો અધિક હૈ.<br><br> | સરસ વચન |


| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | કરી, પરી ઠાકોરજી કો શ્રમ ના કરવાયો, તબ શ્રી રામદાસજી કો દેખી કે શ્રીઆચાર્યજી મહાપ્રભુ, શ્રીમુખ તે રામદાસજી કો ધન્ય ધન્ય કહે, તાતે વૈષ્ણવ કો તો શ્રીનાથજી કે વિષે એસો રામદાસજી કે જેસો સ્નેહ રાખનો . | | |
| વાર્તાનંબર = ૩ / વાર્તા પ્રસંગ - ૩ / Page -૮૩-૮૪ (PDF 115-116) | શ્રીહરિવંસજી | શ્રીગુસાંઈજી એક બાર ગુજરાત પધારે, સો એક ગામ મે જાઈ ડેરા કિયે ઔર વ્રજવાસી કો સીધો લેને પઠવાયો, વ્રજવાસી ને કહી "યા ગામ મે એક હું વૈષ્ણવ નાહી ". | શ્રીગુસાંઈજી ને શ્રીમુખ તે યહ વચન કહે "જો યા માર્ગ શ્રી હરિવંસજી કબ હું આયે ન હોઇગે, જો હરિવંસજી યા માર્ગ કબ હું આવતે તો કોઈ એક તો વૈષ્ણવ હોતો". | Over here we can see many points :<br>1. ગુરુ ઓર વૈષ્ણવ કો ગાઢ સંબંધ<br>2. વૈષ્ણવ કો સત્સંગ કરી ઉચિત વ્યક્તિ જોઈ વૈષ્ણવ કરનો.<br>3. શ્રીગુસાંઈજી નો શ્રીહરિવંસજી પર દ્રઢ વિશ્વાસ. | સરસ વચન |
| વાર્તાનંબર = ૬ / વાર્તા પ્રસંગ - ૧ / Page -૧૩૫-૧૩૬ (PDF 167-168) | વિઠ્ઠલદાસ કાયસ્થ , નારાયણદાસ કાયસ્થ | સો નારાયણદાસ કોં પરગને કૌ હિસાબ વિઠ્ઠલદાસ ને સબ સમજાઈ દીઓ, તા મે કછું દામ વિઠ્ઠલદાસ કે પાસ બાકી રહે, તબ નારાયણદાસ ને વિઠ્ઠલદાસ સો કહ્યો, જો - યહ દામ તુમ પે સિરકર કે બાકી રહે સો ભર દઈએ ચાહીએ. તબ વિઠ્ઠલદાસ ને નારાયણદાસ સો કહ્યો, જો અબ તો દામ મેરે પાસ નાહી હૈ , જો દૂસરે પરગને પર પઠાઉંગો, તબ | જબ શ્રીગુસાંઈજી ને જાની તબ વિઠ્ઠલદાસ સો કહે, યહ તું નારાયણદાસ સો કયોં ન્ કહ્યો? તબ વિઠ્ઠલદાસ ને કહી, જો રાજ ! ચાકરી કરી પરી માલા કૈસે બેચિ જાયે? યહ તો દેહક કો ભોગ હૈ, તાકો ભુગતયો હી ચાઈએ, પરી અપનો ધર્મ કાહૂ કો કયોં જનાઈ જાય ? શ્રીગુસાંઈજી ને કહી, વિઠ્ઠલદાસ ! તું ધન્ય ધન્ય હૈ ઔર .. .. .. .. .. .. | 1. વૈષ્ણવ કો જીવ માત્ર ઉપર દયા રાખની ચાહીએ. (નારાયણદાસ કાયસ્થ)<br>2. વૈષ્ણવ કો અપનો ધર્મ , કોઇ લૌકિક પ્રયોજન કે લિયે, પ્રગટ કરનો નહી ચાહીયે. (વિઠ્ઠલદાસ કાયસ્થ) | સરસ વચન |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | નારાયણદાસ ને વિઠ્ઠલદાસ કો બંધીખાને કિયો. સો તિસરે દિન વિઠ્ઠલદાસ કો નિકારી એક સો એક કોડા મરવાતે. સો માર ખાત ખાત વિઠ્ઠલદાસ કી દેહ સડી ગઈ, પરી ભગવત સંબંધ ન જતાયે. | શ્રીગુસાંઈજી ને નારાયણદાસ સો પૂછી , તું એસી ભાતી વૈષ્ણવ કો કર્યો માર્યો હૈ ?, તબ નારાયણદાસ ને કહી , જો મહારાજ ! મૈ ઇન કો વૈષ્ણવ જાણ્યો નાહી , તબ ફેરી શ્રીગુસાંઈજીને નારાયણદાસ સો કહે , જો તે યાંકો વૈષ્ણવ ન જાણ્યો , પરી જીવ તો જાણ્યો હોતો , સો વૈષ્ણવકો એસી નિર્દયતા ન્ ચાહીએ, વૈષ્ણવ કો જીવ માત્ર ઉપર દયા રાખની ચાહીએ. . | | |
| વાર્તાનંબર = ૨૩ / વાર્તા પ્રસંગ - ૧ / Page -૨૨૫-૨૨૭ (PDF 257-259) | વિરક્ત વૈષ્ણવ | એક વિરકત વૈષ્ણવ રોજ શ્રીગુસાંઈજી કો દર્શન કરે, પર વાસુ શ્રીગુસાંઈજી કબ હું બોલત નાહી, સો વાકો વિચાર આયો કે કારણ કોન ભાતી સુ જાની જાય? યહ વાંકે મન મે સંદેહ રહે ઔર ચિંતા કરે. પાછે કેતક દિન અન્નકૂટ કો ઉત્સવ આયો, સો યહ વિરકત વૈષ્ણવને શ્રીનવનીતપ્રિયાજી કે મંદિર તે, શ્રી ગિરિરાજજી કી પૂજા હોત હૈ તહાં તક સર્વ માર્ગ આછી ભાતી સવાર્યો, પાછે રસ્તે મે એક કાકર નાહી રહને દિયો, યા પ્રકાર માર્ગ કો એકદમ આછો કિયો, સો યા કે મન મે યહ ભાવ આયો, | શ્રીગુસાંઈજી ને વહ વૈષ્ણવસુ કહે , "ઇતને દિન તે તો તુમ અપની દેહ કો સાધન કરત હતે ઔર આજ તો તુમ સાધન છોરી કે સેવા કરે, તાસું હમ તુમ તે બોલે" | યહાં શ્રી આચાર્યજી મહાપ્રભુજી કે વચન હૈ " સેવાયાં વા કથાયાં વા " પ્રથમ તો સેવા કરે પાછે કથા કહે યા સુણે, જો જીવ કો અન્ય સાધન કરી વૃથા કાલ ન ખોવનો.” | સરસ વચન |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | જો - યા માર્ગ મે આજ શ્રી ઠાકોરજી ઔર શ્રીગુસાંઈજી , શ્રીગોવર્ધન પૂજા કો પધારેગે , તાસો માર્ગ આછો કરુગો તો મેરી સેવા હોગી ઔર શ્રીઠાકોરજી કે તથા શ્રીગુસાંઈજી કે ચરણ અતિ કૉમલ હૈ, સો કાકર કો સ્પર્શ ન હોઇગો.<br><br>પાછે શ્રીગુસાંઈજી શ્રીનવનીતપ્રિયાજી કો લૈ ગોવર્ધન પૂજા કો તા માર્ગ તે પધારે, સો માર્ગ સુંદર દેખી કે શ્રીઠાકોરજી ઔર શ્રીગુસાંઈજી બહોત પ્રસન્ન ભયે, પાછે વહ સમયે શ્રીગુસાંઈજી ચૂપ કરી રહે. | |  | |
| વાર્તાનંબર = ૨૫ / વાર્તા પ્રસંગ - ૧ / Page -૨૩૨-૨૩૩ (PDF 264-265) | જનાર્દન દાસ કાયસ્થ ઔર ગોપાલદાસ સહગલ | દોનો વૈષ્ણવકો બહોત દિન સુ પ્રભુ પ્રાપ્તિ કી ચિંતા રહત હતી, સો શ્રીગુસાંઈજી કે પાસ ગયે ઔર તાકો ઉપાય પૂછ્યો. | શ્રીગુસાંઈજી કહે " પ્રભુ તો સર્વતંત્ર સ્વતંત્ર હૈ, તાતે કોઈ સાધન કરી ઉન કો પ્રાપ્ત કરનો ચાહે તો સર્વથા પ્રાપ્ત ન હોઇ, વો તો અપની કૃપાતે, આપ હી પ્રસન્ન વ્હૈ જીવ કો પ્રાપ્ત હોત હૈ, તબ પ્રસન્ન હોવે ઉનકી કૃપા કૈસે હોવે, જો પ્રભુન કી શરણ જાત હૈ તા પર પ્રભુ કી કૃપા હોત હૈ , તાતે મન, વાચા, કર્મ કરી ઉન કે શરણ રહેનો, યહી પ્રભુ પ્રાપ્તિ કો એક માત્ર ઉપાય હૈ , સો નિવેદન મંત્ર તુમ હૃદય મે ધારણ કરિયો " | બિન સાધન ---શરણ એક હી ઉપાય ---પછી સેવા અને કથા. | સરસ વચન |

| | | | | | |
|---|---|---|---|---|---|
| વાર્તાનંબર = ૫૩ / વાર્તા પ્રસંગ - ૨ / Page -૩૮૦-૩૮૩ (PDF 412-415) | રજપૂત, વાકી સ્ત્રી, ચાચા હરિવંસજી | ચાચા હરિવંસજી, શ્રીગુસાંઈજી કી આજ્ઞા શું રજપૂત કે ઘર પધારે, તબ ચાચા હરિવંસજી ને પુછ્યો, જો તુમ્હારે ઠાકોરજી કો કા સમય હૈ? તબ રજપૂત ને કહી રાજભોગ આયો હૈ, આપ ચલો દેખો, અપને માર્ગ કી રીતિ શું ધરે હૈ, તબ ચાચા હરિવંસજી વાંકે શ્રીઠાકોરજી કે મંદિર મે ગયે, ટેરા સરકાય કે દેખ્યો, તબ વા રજપૂત ને હું દેખ્યો, સો દેખે તો શ્રીઠાકોરજી ઉલંબી કે ભોજન કરત હૈ, સો ચોંકી દૂર હતી, તબ વહ રજપૂત પાંચો કપડાં પહેરે ઠાડો હતો, સો મંદિર મે જાઈ કે ચોંકી સરકાઇ, તબ યહ ચાચા હરિવંસજી દેખે કે ચૂપ રહી, ઔર યહ મહાપ્રસાદ નાહી લિયે, ઔર કહી મૈ તો મેરે હાથ સો કરી કે લેત હું॥ તા પાછે ચાચા હરિવંસજી ગોકુલ પધારે. તબ શ્રીગુસાંઈજી ચાચા હરિવંસજી સો પુછ્યો રજપૂત દેખ્યો, તબ ચાચા હરિવંસજી ને કહ્યો, જો મહારાજ દેખ્યો, પર વાંકે ઇહાં મહાપ્રસાદ તો નાહી લીનો, ઔર આચાર કછું દેખ્યો નાહી, તાતે નાહી લીનો. | તબ શ્રીગુસાંઈજી આપ ચાચા હરિવંસજી સો આજ્ઞા કિયે , "જો તુમ વા વૈષણવ રજપૂત કે ઘર આચાર દેખવીકે કો ગયે , સો દેખી આયે, પરી ઔર કછું તુંને ના દેખ્યો? ઔર વાંકો સ્નેહ વાત્સલ્યતા તો નહિ દેખ્યો , ઔર યહ આચાર દેખ્યો, " પરી હમ કોં તો, વૈષ્ણવ કો પ્રેમ પ્રીતિ હૈ ઔર મનકી દૈન્યતા હૈ, સો દેખની હૈ, વાકી કૃતિ સો કહા કામ હૈ ?.." યામે યહ જતાયે, જો પુષ્ટિમાર્ગ મે પ્રભુ જીવ કી કૃતિ દેખત નાહી, કયોં જો-સ્નેહ સો પ્રભુ બસ હોત હૈ, જહાં સ્નેહ હોઇ તહાં કૃતિ કો પ્રયોજન નાહી.<br><br>પુષ્ટિમાર્ગ મે પ્રમેયબલ તે પ્રભુ આપ જીવ કો ઉદ્ધાર કરત હૈ, સો શ્રીગુસાંઈજી વિજ્ઞપ્તિ મે આજ્ઞા કરત હૈ "ક્રિયાનપૂર્વ જીવ સ્તદૃચિતકૃતિશચાપી કીયતી ભવાન્ યતસાપેક્ષો નીજચરંદાને બત ભવેત " । | વૈષ્ણવકે હૃદય કો સ્નેહ સર્વોપરી હૈ , સ્નેહ બીના કૃતિ ફલત હોત નાહી॥ વેદ વિધિ કો નેમ નાહી જહાં પ્રેમ કી પહચાન ..બ્રજબધૂ બસ કિયે મોહન, 'સૂર' ચતુર સુજાન. | સરસ વચન |

| | | | | | |
|---|---|---|---|---|---|
| વાર્તાનંબર = ૬૯ / વાર્તા પ્રસંગ - ૨ / Page -૪૬૪-૪૬૮ (PDF 495-497) | કુંજરી (મલેચ્છાની), ખવાસ | સો કુંજરી (મલેચ્છાની) ને શ્રીગુસાંઈજી કી ઓર હાથ સો બતાયો, જો મે પ્યાસી હું, તબ શ્રીગુસાંઈજી ને ખવાસ સો કહ્યો , જો યાંકો બેગ હી જલ પીઆવો. તબ ખવાસ ને શ્રીગુસાંઈજી સો કહ્યો, જો મહારાજ ! ઈહા તો કે પાસ જલ નાહી, ઔર તલાવ, કુઆ નિકટ નાહી, તબ શ્રીગુસાંઈજી ને ખવાસ સો કહ્યો હમારી ઝારી મે જલ હોઇગો, તબ ખવાસ ને કહી જો મહારાજ ! ઝારી છુંઇ જાયેગી,<br><br>તબ શ્રીગુસાંઈજી ને ખવાસ સો કહયો " જો ઝારી તો ઔર આવેગી પરિ ફેરી યા મલેચ્છાની કે પ્રાણ કહાં તે આવેગે ? તાતે બેગી હી જલ પીઆવો . | તબ શ્રીગુસાંઈજી ને ખવાસ સો કહયો "જો ઝારીતો ઔર આવેગી પરિ ફેરી યા મલેચ્છાની કે પ્રાણ કહાં તે આવેગે? તાતે બેગી હી જલ પીઆવો" | જીવ ઔર પ્રાણી માત્ર પર દયા રાખો, અપરસ ઔર દ્રવ્ય કે સામને સંજોગ કો ધ્યાન મે રખ કે સામાન્ય ધર્મ કો ભી પ્રધાન્યતા દો.<br> | સરસ વચન |


| | | | | | |
|---|---|---|---|---|---|
| વાર્તાનંબર = ૭૫ / વાર્તા પ્રસંગ - ૧ / Page -૫૦૨-૫૦૩ (PDF 534-535) | પૃથ્વીપતિ( અકબર), બિરબલ , બિરબલ કી બેટી | સો એક સમય પૃથ્વીપતિ(અકબર) ને બિરબલ સો પુછ્યો , " સાહિબ (પ્રભુ) કૌન રીતિ સો મિલત હૈ?" બિરબલ ને બહોત સો ઉત્તર દિયે પર અકબર કો સંતોષ નાહી હુયો.. ॥ ઔર બિરબલ કો ધમકી દી, પૂરક ઉત્તર નાહી મિલે તો તેરો સારૂ વિત્ત લઈ લેગે.. ॥ બિરબલ ને અપની બેટી સે યે વ્યથા કહી .. ॥ બિરબલ કી બેટી ને કહી આપ શ્રીગુસાંઈજી કે પાસ જાઓ.. ઈશ્વર કી બાત મે ઈશ્વર હી જાને ..॥ જબ બિરબલ ને યહ પ્રશ્ન શ્રીગુસાંઈજી સો પુછ્યો, તબ શ્રીગુસાંઈજી ને કહ્યો " જો યાંકો ઉત્તર તો હમ ઔર પૃથ્વીપતિમિલે તબ સંદેહ નિવૃત હોઇ".. ॥ | જબ પૃથ્વીપતિ(અકબર) ને યહ બાત બિરબલ સે સૂની, તબ વો ખુદ ગોકુલ કી ઔર ચલ પડ્યો...ઔર વેશ બદલ કે શ્રીગુસાંઈજી કે પાસ પહોંચ્યો.. વહા દંડવત કરી .. શ્રીગુસાંઈજી પહેચાની ગયે.. ઔર પુછ્યો .. "તુમ કૈસે કરી કે આયે હો? કહા પૂછત હો? સો પૂછીયે?".. તબ અકબર ને પુછ્યો " જો સાહેબ કૌન રીતિ સો મિલત હૈ?" તબ શ્રીગુસાંઈજી ને કહી " **જૈસે હમ તુમ મિલે** ". | યામે યહ કહ્યો, જૈસે લૌકિક મે તુમ રાજા સબન્ સો બડે હો, સો ઔર મનુષ્ય તુમ સો મિલવે કી કરે તબ ઘને ઘનેન્ કો પ્રસન્ન કરિવે કૌ ઉપાઈ કરે, પરી તુમ્હારી ઈચ્છા કે બીના તો મિલનો દુર્લભ હૈ, ઔર કદાચિત તુમ મિલનો બિચારો તાકો તુમ તુરત હી મિલો .. ઐસે હમ તુમ કો મિલનો વિચારે ...ઐસે હી જબ પ્રભુજી વિચારે તબ જો જીવ કો મિલનો ચાહે તબ કછું હી વિલંબ ના કરે.  | સરસ વચન |


# વાર્તા ૮૪ થી ૧૬૮ (ખંડ ૨ / PDF Part 2)

| વાર્તાનંબર / વાર્તા પ્રસંગ / પેજ નંબર | વાર્તા નામ | પ્રસંગ | સરસ વચન કહી, શંસયનો પરિહાર | રાજ કાજે જોડીયા | શ્રેણી |
|---|---|---|---|---|---|
| વાર્તાનંબર = ૮૬ / વાર્તા પ્રસંગ - ૧ / Page -૭,૮ (PDF 54-55) | એક વૈષ્ણવ ક્ષત્રિય ચંદન વાળો | જ્યારે આપ શ્રી સેવામાં પહોંચી ભોજન કરી બેઠકમાં બિરાજતા ત્યારે વૈષ્ણવો પોતાના ઘેરથી સુગંધી ચંદન લાવતા અને આપ શ્રી ને અંગીકાર કરાવતા, ત્યારે આ વૈષ્ણવના મનમાં શંકા થઇ કે આપશ્રી તો મનુષ્ય ધારી દર્શન આપો છો તો પછી શ્રી ગોવર્ધનનાથજી અને આપ એક સ્વરૂપ કેવી રીતે હોઈ શકે. | શ્રીગુંસાઈજીએ આજ્ઞા કરી "વૈષ્ણવ તમે પંખો કરી પછી ઘરે જજો", એવા સરસ વચન કહ્યાં. પછી આપશ્રી બારીક ઉપરણો ઓઢીને પોઢ્યા હતા. અને વૈષ્ણવને ઉપરણાની અંદરથી સાક્ષાત શ્રીનાથજીના દર્શન થયાં. તેથી વૈષ્ણવનો સંશય દૂર થયો. | વૈષ્ણવનું મન દ્રઢ કરી સેવામાં જોડયું. "રૂપ બેઉ એક તે ભિન્ન થઈ વિસ્તરે, વિવિધ લીલા કરે ભજનસાર." સ્વામી-સેવક ભાવ પ્રકટ કરવા માટે બે રૂપ ધરીને લીલા કરે છે. શ્રીગુંસાઈજીનું સ્વરૂપ અલૌકિક જાણવું. | અલૌકિક સામર્થ્ય |
| વાર્તાનંબર = ૮૮ / વાર્તા પ્રસંગ - ૧ / Page -૧૩-૧૭ (PDF 59-63) | એક ક્ષત્રી વૈષ્ણવ, જેને આત્મ-નિવેદન કરાવ્યું | વૈષ્ણવે નામ સંભળાવવાની વિનંતી કરી. શ્રીગુંસાઈજીએ કૃપા કરી આ ક્ષત્રી વૈષ્ણવને નામ સંભળાવ્યું.<br>એક વખત આપશ્રી કથા કરતા હતા ત્યાં આ ક્ષત્રી વૈષ્ણવ પણ કથામાં બેઠો હતો. શ્રીગુંસાઈજીએ આત્મનિવેદનનો પ્રસંગ ચલાવતા કહ્યું કે જે જીવ શુદ્ધ મનથી | શ્રીગુંસાઈજીએ પોતે શ્રીગિરિધરજીને બોલાવીને કહ્યું કે કાલે આ ક્ષત્રી વૈષ્ણવને આત્મનિવેદન કરાવો.<br>(વચન કહ્યા વગર જ આ પ્રમાણ બતાવ્યું કે આપશ્રીની સંતાન પણ આપશ્રી જેવા જ છે.)<br>શ્રીગુંસાઈજીની આજ્ઞા પ્રમાણે શ્રીગિરિધરજીએ ત્રણ વાર આત્મનિવેદન કરાવ્યુ. | શ્રીગિરિધરજીને પણ ઉપવાસ કરવાની આજ્ઞા કરી. ગુરુ અને શિષ્ય બંનેનું કર્તવ્ય સિદ્ધ કર્યું.<br><br>શુધ્ધ મનપુર્વક જો જીવ આત્મનિવેદન કરે છે,અને, ગુરુ પણ શુધ્ધ મનપુર્વક જો જીવને આત્મનિવેદન કરાવે છે, તો તે જીવને શ્રીમહાપ્રભુજીની કૃપા થી દ્રઢ આશ્રય તત્કાલ સિધ્ધ થાય છે.અને અલૌકિક પણ દ્રઢ થાય છે, પુષ્ટિમાર્ગી લીલાનુ દાન પણ થાય છે. | સરસ વચન |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | આત્મનિવેદન કરે છે અને ગુરુ પણ શુદ્ધ મનથી નિવેદન કરાવે છે તેને શ્રીઆચાર્યજી....... મહાપ્રભુજીની કૃપાથી તે જ ઘડીએ દ્રઢ આશ્રય થાય છે. પુષ્ટિમાર્ગની લીલાનું દાન થાય છે. માર્ગના બધા અનુભવ થાય છે. વૈષ્ણવે વિનંતી કરી કે મને પુષ્ટિમાર્ગની લીલા સંબંધી દાન કરો. કૃપા કરી મને આત્મનિવેદન કરાવો. | આપશ્રીએ પહેલા મન શુદ્ધ કર્યું, દેહ શુદ્ધ કર્યો, અંતઃકરણ શુદ્ધ કર્યું. | | |
| વાર્તાનંબર = ૯૪ / વાર્તા પ્રસંગ - ૨ / Page -૫૧-૫૨ (PDF 97-98) | પરમાનંદ સોની | એક વખત કાશી અને પ્રયાગના પંડિતો શ્રીગુસાંઈજીની સાથે વાદ કરવા આવ્યા હતા ત્યારે એમને પરમાનંદ સોનીએ એક શ્લોક શ્રીભાગવત રાસપંચાધ્યાયીનો પુછયો અને કહ્યું કે આનો અર્થ શું થાય? બધા બ્રાહ્મણ પંડિતો અંદરોઅંદર કહેવા લાગ્યા કે જેમનાં સેવક શુદ્ર (વર્ણ) આવા છે, એમના ગુરુનું તો કહેવું જ શું?<br><br>પંડિતોને વેદ-પુરાણ શાસ્ત્રની રીતે ઉત્તર આપીને નિરુત્તર કરી દીધા. ત્યારે પંડિતો એમના મનનું સમાધાન કરી તેઓ પાછા ફર્યા. વૈષ્ણવે શ્રીગુસાંઈજી ને આ સમાચાર આપ્યા. | ત્યારે શ્રીગુસાંઈજીએ શ્રીમુખથી કહ્યું કે પરમાનંદ સોનીને શ્રીઆચાર્ય મહાપ્રભુજી અને શ્રીગોવર્ધનનાથજીમાં દ્રઢ વિશ્વાસ છે તેથી આ વાતમાં આશ્ચર્ય શું? વૈષ્ણવમાં શ્રીઆચાર્ય મહાપ્રભુજી અને શ્રીગોવર્ધનનાથજીમાં દૃઢ વિશ્વાસ હોવો જોઈએ, જેનો દૃઢ આશ્રય ન હોય તેને પશ્ચાતાપ, ક્લેશ થાય. | પરમાનંદ સોની પર શ્રીગુસાંઈજી સદાય પ્રસન્ન રહેતાં તેથી એમને માર્ગના બધા સિદ્ધાંતો હૃદયમાં દ્રઢ થયા હતા. આ વાત આજે પણ એટલી જ લાગુ પડે છે, કે વૈષ્ણવો એ મહાપ્રભુજીના ગ્રન્થોનુ અધ્યયન કરવુ જોઇએ, જેથી માર્ગના સિદ્ધાંતો સમજી શકાય અને યથાર્થ પ્રચાર થઇ શકે. | સરસ વચન |

| | | | | | |
|---|---|---|---|---|---|
| વાર્તાનંબર = ૯૫ / વાર્તા પ્રસંગ - ૧ / Page -૫૩-૫૮ (PDF 99-104) | રામદાસ વેરાગી બ્રાહ્મણ. | રામદાસે શ્રીગુસાંઈજીના દર્શન કરતા વિનંતી કરી કે મહારાજ કૃપા કરી નામ આપો. આપશ્રીએ કૃપા કરી નામ સુનાવ્યું. . | શ્રીગુંસાઈજીએ આજ્ઞા કરી કે કે હવે તું દંડવતી શીલા આગળ છ મહિના સુધી અષ્ટાક્ષર મંત્રનો જપ કર્યા કર.<br><br>છ મહિના જપ કર્યા પછી પાછી રામદાસે વિનંતી કરી કે મહારાજ હવે શું આજ્ઞા છે? આપશ્રીએ બ્રહ્મસબંધ આપીને કહ્યું કે હવે તમે છ મહિના સુધી દંડવતી શીલા આગળ બેસીને પંચાક્ષર નો જાપ કરો. | આપશ્રીએ અષ્ટાક્ષર દ્વારા પહેલાં જ શરણાગતિની ભાવના દ્રઢ કરી, પછી આપશ્રીના કૃપાબલથી શરણાગત થતાજ શ્રીનાથજીના દર્શન થયા પછી પંચાક્ષર કરાવી જીવનું દાસત્વ સિદ્ધ કરાવ્યું.  શરણાગતિ પર શ્રીગુસાઇજી અતિશય ભાર આપી રહ્યા છે.<br><br>જેમ આગળ ની વાર્તાઓ મા જોઇ ગયા કે, શરણાગતિ થી ભગવદ્ભાવ સ્થિર  થાય છે. આજના આધુનિક વૈષ્ણવો માટે પણ આ લાગુ પડે છે કે, શરણાગતિ  દ્રઢ થયા પછી જ માર્ગ મા આરુઢ થઇ શકાય.<br> | સરસ વચન |

| | | | | | |
|---|---|---|---|---|---|
| વાર્તાનંબર = ૯૭ / વાર્તા પ્રસંગ - ૧ / Page -૫૯-૭૧ (PDF 105-118) | રેંડા ઉદંબર બ્રાહ્મણ | ૧) એક સમયે શ્રીગુંસાઇજી ગુજરાત પધાર્યા હતા ત્યારે એને બ્રહ્મસંબંધ કરાવી અને શ્રીનવનીતપ્રિયાજીની એક લાલ કુલહે (ભગવદ સ્વરુપ) પધરાવી આપી હતી.<br><br>૨) કેટલાક દિવસ પછી રેંડા શ્રીગોકુલ આવ્યો અને શ્રીગુંસાઈજીને ખવાસીની સેવા કરવાનો મનોરથ કર્યો.<br><br>3) જ્યારે રેંડા રમણરેતી ગયો તો મુરલીનો સ્વર કાને પડ્યો અને ઠાકોરજી અને બલદેવજીના દર્શન કરતાં જ બેહોશ થઈને દેહ ભાન ભૂલ્યો | ૧) શ્રીગુંસાઈજીએ આજ્ઞા કરી કે આને (શ્રીનાથજી ની કુલ્હેજીને) પ્રિય જાણજે, નિયમ કરી રોજ રસોઈ કરીને ભોગ ધરી મહાપ્રસાદ લેજે.<br><br>૨) શ્રીગુંસાઈજીએ રેંડાને પુછ્યું કે તારી પાસે કઈંક ખર્ચી છે? રેંડાએ કીધું કે મારી પાસે રોકડા બાર ટકા (Currency) છે. ત્યારે આપશ્રીએ કહ્યું કે હવે તુ ન્યારી રસોઈ કરી ભોગ ધરી, મહાપ્રસાદ લેજે.<br><br>3) ભગવદ્ સેવા કરી હજી પણ ભગવદ્-ધર્મ દૃઢ નથી થયો. તેથી દર્શન માત્ર થયા. આજ્ઞા આપી કે રેંડા હવે તું લગ્ન કર. ભગવદ ધર્મ દૃઢ કરવા કોઈ લૌકિક વાસના ન રહી જાય તેથી લગ્નની આજ્ઞા કરી. (સામાન્ય રીતે, શાસ્ત્ર ની દ્રષ્ટિ એ, ગ્રુહસ્થ આશ્રમ ના અનુભવ વિના વૈરાગ્ય દ્રઢ થતો નથી, અને એ વગર ભગવદરસ ની પાત્રતા થતી નથી. | ૧) આ આજ્ઞા શ્રીગુંસાઈજીએ રેંડાને નિમીત્ત બનાવી, બધા પુષ્ટિ જીવોને આપી છે.<br><br>૨) તનુ-વિત્તજા સેવા નુ નિરુપણ: ગુરુજી એ સેવક ની પરિસ્થિતિ જોઇને યથાર્થ ઉપદેશ કર્યો.<br><br>3) સેવકને સેવામાં કેવી રીતે જોડ્યા એનું પ્રમાણ. અહીંયા જ્યારે રેંડાએ પુછ્યુંકે સ્રીને પહેલા આપશ્રી પાસે નામ સુણાવવા લઈ આવું તો આપશ્રીએ એમ કહ્યું કે હમણાં તું નામ સંભળાવી દેજે, પછી અનુકુળ સમયે અહી લાવજે. રેંડા ના નિવાસ (કપડવંજ)થી શ્રીમદગોકુલ દુર અંતરે હોવાથી, અને વૈષ્ણવ ને ક્ષણ માત્ર સેવાથી દુર ન રાખવા માટે આમ કહ્યુ.<br> | સરસ વચન |

| | | | | | |
|---|---|---|---|---|---|
| વાર્તાનંબર = ૧૧૧ / વાર્તા પ્રસંગ - ૧ / Page -૯૫-૯૯ (PDF 141-145) | મા-દીકરો બ્રાહ્મણ જેમણે શ્રીગુંસાઈજી ની સેવા કરી | આ મા-દીકરાએ શ્રીગુંસાઈજીને વિનંતી કરી કે કૃપાનાથ અમને શરણે લો, ત્યારે શ્રીગુંસાઈજીએ બંનેને નામ સંભળાવ્યુ, એ પછી બંનેએ નિવેદનની વિનંતી કરી, નિવેદન લીધા પછી જ્યારે એમને પૂછ્યું કે કૃપાનાથ હવે શી આજ્ઞા છે? ત્યારે શ્રીગુંસાઈજી કહ્યું કે શ્રીઠાકુરજીની સેવા કરો, ત્યારે મા દીકરાએ વિનંતી કરી કૃપાનાથ અમારો એવો મનોરથ છે કે આપની સેવા કરીએ. | આપશ્રી તો પરમ દયાળુ છે, આપશ્રી ભક્તની ઇચ્છા પૂરી કરનારા છે, તેથી આપે કહ્યું કે કોઈની આગળ આ સેવા પ્રકાર પ્રગટ ન થાય તો અમે તમારે ઘરે પધારીએ, પ્રકટ થઈને આરોગીએ પણ જો કોઈ ક્યાંય જાણી જશે તો અમે એક ક્ષણ પણ નહીં બિરાજીએ. **(અપવાદ)**  | આપણો માર્ગ તો ગુપ્ત રાખવાનો છે નહી કે જાહેરમાં પ્રદર્શન કરવાનો તેથી આપશ્રીએ વૈષ્ણવનો મનોરથ પૂરો કરી સેવામાં જોડયાં. (યેહી તેહી એક). સેવકનો ભાવ હોવાથી એમને આજ્ઞા કરી પણ અનુકરણ મત કરિયો.<br><br>*** આ પ્રસંગ 'માત્ર ગુરુસેવા' ને પ્રોત્સાહન આપવાનો નથી, અપવાદ રુપ છે. પુષ્ટિમાર્ગ નો સિંધ્ધાત શ્રીઠાકુરજીની સેવા નો જ છે, જે શ્રીગુંસાઈજી ના વચનમા સચોટ રીતે કહેવાયેલુ છે. | સરસ વચન |
| વાર્તાનંબર = ૧૧૩ / વાર્તા પ્રસંગ - ૨ / Page -૧૦૩-૧૦૭ (PDF 149-153) | તાનસેન ગવૈયા | તાનસેન શ્રીનાથજીના સન્મુખ માં કીર્તન કરતા ,શ્રીનાથજી તાનસેનના કીર્તન સાંભળી ખૂબ પ્રસન્ન થતા, તાનસેન અમલ-પાણી કરતા હતા, નશો કરતાં હતા. તેથી વૈષ્ણવે એમને રોક્યા, કહ્યું કે તમે નશો ન કરો, તમારા મોંમાંથી દુર્ગંધ આવે છે તે શ્રીનાથજીની કેમ સોહાય? ત્યારે તાનસેને બીજા દિવસથી | શ્રી ગુંસાઈજીએ આજ્ઞા કરી કે તમે પહેલાં જેમ કરતા હતા તેમ કરો, એમાં શ્રીનાથજી પ્રસન્ન છે. ત્યારથી ફરી તાનસેન અમલ-પાણી લેવા લાગ્યા. સુંદર ગાવા લાગ્યા. ત્યારે શ્રીનાથજી હસ્યાં. એ દર્શન તાનસેનને થયા. | પુષ્ટિમાર્ગીય ધર્મ તત્સુખનો વિચાર. શ્રીગોવર્ધનનાથજી પ્રસન્ન રહે એ જ કરવા યોગ્ય છે. આપશ્રી જીવનો દુર્ગુણ નથી જોતાં, પ્રભુ સુખને મહત્વ આપ્યું છે. | સરસ વચન |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | અમલ-પાણી છોડી દીધા, પછી તાનસેન કીર્તન ગાવા લાગ્યા. કીર્તન સરસ થાય નહીં તે વેળા શ્રીગુંસાઈજી શ્રીગોવર્ધનનાથજીને દર્પણ દેખાડી રહ્યા હતા, શ્રીનાથજીએ શ્રીગુંસાઈજી ને આજ્ઞા કરી કે આજે કીર્તન ફિક્કા લાગે છે, તાનસેન સરસ રીતે ગાતા નથી, ત્યારે શ્રી ગુંસાઈજી એ તાનસેનને કહ્યું કે આજે આવું ફીકું- ફીકું કેમ ગાવો છો? ત્યારે તાનસેને કહ્યું મહારાજ એક વૈષ્ણવે મને કહ્યું કે શ્રીનાથજીને દુર્ગંધ આવે છે તેથી તમે અમલ-પાણી ના કરો, તેથી આજે અમલ-પાણી કર્યા વગર કીર્તન લીધા તેથી આમ થાય છે. | |  | |
| વાર્તાનંબર = ૧૨૨ / વાર્તા પ્રસંગ - ૧ / Page -૧૩૨-૧૩૪ (PDF 178-181) | એક સન્યાસી કાશીનો | એક વેળા શ્રીગુંસાઈજી "મણિકર્ણિકા" ઘાટ પર સંધ્યાવંદન કરી રહ્યા હતા એ જોઈને સન્યાસીએ કહ્યું કે આ શ્રીગુંસાઈજીને તો સંગ્રહ બહુ મોટો છે! બધુ દાન કરી દો. આ વાત શ્રીગુંસાઈજીએ પોતે સાંભળી ત્યારે એ સન્યાસીના દેખતાં જ જે કઈ વૈભવ હતો તે બધો બ્રાહ્મણોને બોલાવી દાન કરી દીધો. થોડો ગંગાજીમાં પધરાવી દીધો. | શ્રીગુંસાઈજીએ સન્યાસીને કહ્યું કે તું સન્યાસી છે તેથી આ કોપીન, તુંબડું તારા દઈ દે, ત્યારે સન્યાસીએ કહ્યું કે જો હું આ આપી દઉં તો મને ફરી એ ક્યાથી મળે? ત્યારે શ્રીગુંસાઈજીએ કહ્યું કે અમો આ બધો સામાન બ્રાહ્મણોને દાન કરી દીધો અને તું સન્યાસી થઈને પણ આપી........ | સન્યાસીની મમતા છોડાવી અને એનું મન માનસીમાં સિદ્ધ કરી, મનને સેવામાં જોડ્યુ. પ્રભુ પર વિશ્વાસ રાખવો. વસ્તુ પર મમતા ન રાખવી. વસ્તુ-પદાર્થ પ્રભુની ઇચ્છાથી મળી આવે છે માટે પ્રભુ પર ભરોસો રાખવો. | સરસ કૃતિ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | નથી શકતો? કોપીનમાં આટલી મમતા છે? તને ઈશ્વરનો ભરોસો યે નથી! તું સન્યાસી કેવો?<br><br>જ્યારે સન્યાસીએ જોયું કે થોડી જ વારમાં આપનો વૈભવ ફરી પહેલા જેવો જ થઈ ગયો ત્યારે એ શ્રીગુંસાઈજીને સેવક કરવાની વિનંતી કરે છે. આપ તો વૈભવ રાખી પણ શકો છો અને છોડી પણ શકો છો. | | |
| વાર્તાનંબર = ૧૪૭ / વાર્તા પ્રસંગ - ૧ / Page -૩૦૮-૩૨૮ (PDF 354 -374) | એક પઠાણનો દીકરો, દિલ્હીનો | એક વૈષ્ણવ સંગથી આ પઠાણનો દીકરો શ્રીગુસાંઈજી પાસે નામ પામી વૈષ્ણવ થયો. પઠાણના પિતાએ શેરશાહને કીધું કે મારો દીકરો હિન્દુ ધર્મમાં ગયો છે. પાતશાહે પઠાણના દીકરાને ધર્મ છોડી દેવા કહ્યું અને ધર્મ ન છોડે તો મારી નાખવાની ધમકી આપે છે. પરંતુ પઠાણનો દીકરો પોતાની વાત પર મક્કમ રહ્યો. શેરશાહ પઠાણના દીકરાની સચ્ચાઈ જોઈ ખૂબ પ્રસન્ન થયો અને એને છોડી દે છે. આ બધા સમાચાર કોઈ વૈષ્ણવે શ્રીગુસાંઈજીને કહ્યા. | શ્રીગુસાંઈજીએ કહ્યું વૈષ્ણવનો આવો જ ધર્મ છે. પઠાણના દીકરાએ પોતાનો દેહ છોડી દેવાની તૈયારી બતાવી પરંતુ પોતાનો ધર્મ ન છોડયો. વૈષ્ણવોને દ્રઢ આશ્રય જોઈએ. વળી, એક આશ્રય ગોવર્ધનનાથજીનો હોય તો તેઓ આપણી રક્ષા-પાલન કેમ ન કરે? | વૈષ્ણવોને ઠાકોરજીમાં દ્રઢ આશ્રય જોઈએ. "નિજેચ્છાત: કરીષ્યતિ". પ્રભુની ઈચ્છા હસે તે કાર્ય થશે. કોઈ વાતની ચિંતા ન કરવી. વૈષ્ણવ નિર્ભય થઈને પોતાના ધર્મનું પાલન કરે તો તેને પ્રભુ નક્કી સહાય કરે છે. | સરસ વચન |

| | | | | | |
|---|---|---|---|---|---|
| વાર્તાનંબર = ૧૪૮ / વાર્તા પ્રસંગ - ૧ / Page -૩૦૮-૩૨૮ (PDF 354 -374) | સ્ત્રી-પુરુષ આગ્રાના, જેમણાં શાલિગ્રામમાં થી ઠાકોરજી થયાં | બ્રાહ્મણ સ્ત્રી-પુરુષ દેવીના અનન્ય સેવક હતા, દેવીનો એમને સાનુભવ હતો. ચાચા હરિવંશજી આગ્રા પધારે છે ત્યારે રાત્રિનો મુકામ એક ચોતરા પર કરે છે ત્યાં આ દેવી ચાચા હરિવંશજી અને એમની સાથેના ચાર વૈષ્ણવોની સેવા કરવા આવે છે. સ્ત્રી-પુરુષને આ વાત દેવી પોતે બતાવે છે અને એમને શ્રીગુસાંઈજીના સેવક થવાનું કહે છે. સ્ત્રી-પુરુષ ચાચા હરિવંશજી પાસે આવે છે અને એમની શરણે આવવાની આતુરતા અને દૈવી જીવ જાણી ચાચા હરિવંશજી એમને ગોકુળ શ્રીગુસાંઈજી પાસે લઈ આવે છે. બ્રાહ્મણ વૈષ્ણવ પોતાનાં શાલિગ્રામ અને દેવીની મુર્તિને શ્રીગુસાંઈજી પંચામૃત સ્નાન કરાવે છે તો એમાંથી ઠાકોરજી અને સ્વામીનિજીનું સ્વરૂપ થઈ જાય છે. | 1) શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી કે મહાત્મ્ય જ્ઞાન સહિત જે શરણે આવે છે તેને વિશેષ દાન થાય છે.<br><br>2)શ્રીગુસાંઈજીએ બ્રાહ્મણ સ્ત્રી -પુરુષને કહ્યું કે આ સ્વરૂપ પુષ્ટિમાર્ગીયનું સર્વસ્વ છે. એમની સેવા પુષ્ટિમાર્ગની રીતે તમે કરજો. પછી શ્રીગુસાંઈજીએ પોતાનો કરેલો સર્વોત્તમ ગ્રંથ આપ્યો. આજ્ઞા કરી કે આના પાઠથી વેદ, પુરાણ, શ્રીભાગવત, ગીતા, શાસ્ત્ર બધાનો પાઠ થયો જાણજો. આ બે પદાર્થ પુષ્ટિમાર્ગના ફળરૂપ જાણીને કરજો. તેનાથી તમને સદા પુષ્ટિમાર્ગનો અનુભવ થશે. | માહાત્મય જ્ઞાન પૂર્વસ્તુ સુદ્રઢ: સર્વતોધિક સ્નેહો ભક્તિ આ વૈષ્ણવ માહાત્મ્ય સહિત જાણીને શરણે આવ્યા તેથી એમને ઝટ સિદ્ધ થઈ. શુદ્ધ પાત્રમાં જલ્દી રસ સ્થિર થાય છે. આ વૈષણવો એ શ્રી મહાપ્રભુજી ની બતાવેલી રીત પ્રમાણે " મહાત્મય જ્ઞાન જાની અને સર્વતો અધિક સ્નેહ થી ઠાકોરજી ની સેવા કરી જેથી તેમને પુષ્ટિ ફલ ની પ્રાપ્તિ પણ જટ થઈ | અલૌકિક સામર્થ્ય |

| | | | | | |
|---|---|---|---|---|---|
| વાર્તાનંબર = ૧૪૯ / વાર્તા પ્રસંગ - ૧ / Page -૩૨૮-૩૪૪ (PDF 374-390) | એક શાહુકારના દીકરાની વહુ, સુરતની | શાહુકારના દીકરાની વહુને મ્લેચ્છ રાજાનો ચાકર ખોટી રીતે ફસાવે છે અને રાજા પાસે એવો ન્યાય કરાવે છે કે આ વહુ એની સાથે રહે. આવો ન્યાય સાંભળીને વહુ ખૂબ જ કલ્પાંત કરે છે અને શ્રીગુસાંઈજીની નજર આ સ્ત્રી પર પડે છે ત્યારે એને દૈવી જાણીને શ્રીગુસાંઈજી રાજાને કહે છે કે આ સ્ત્રી સાચી છે અને આ તુરક ખોટો છે અને એનો ન્યાય અમે કરીશું એમ કહીને સાચી હકીકત પુરવાર કરે છે અને શાહુકારના દીકરાની વહુને તુરક પાસેથી છુટકારો અપાવે છે. શ્રીગુસાંઈજીએ સ્ત્રીને આત્મનિવેદન કરાવ્યુ અને ઘરના બીજાને શરણે લીધા. | 1) શ્રીગુસાંઈજીએ સ્ત્રીને કહ્યું કે તું અમારી બેટી છે. તેથી તું કોઈ ચિંતા ન કર પણ અમે કહીએ તેમ કર. તું તારે ઘરે જા. હવે તારી સામે પ્રભુએ જોયું છે. હવે તને બધુ સ્ફુરે છે. તેથી તું તારે ઘરે જઈને ઠાકોરજીની સેવા કર.<br><br>2) શ્રીગુસાંઈજીએ એના સસરા, ધણીને કહ્યું કે તમારો ધર્મ અને લૌકિક લાજ આ સ્ત્રીએ રાખી છે. એનો તાપ ઠાકોરજી સહન ન કરી શક્યા. એની આર્તિથી તમે પણ વૈષ્ણવ થયાં. અત્યંત દુખ પડ્યું છતાં ધીરજ રાખી. ધર્મ ન ખોયો. એને જ દૈવી કહેવાય. | શ્રીગુસાંઈજીએ વૈષ્ણવને પોતાના પુત્ર અને પુત્રી તરીકે જાણી ને રક્ષા કરી. અને બતાવ્યુ કે કેટલુય સંકટ કેમ ન આવે પણ વૈષ્ણવે ધીરજ ન છોડવી. જાણવું કે પ્રભુ બધુ સારૂં જ કરે છે. માટે આવો વિશ્વાસ રાખી પ્રભુનો જ આશ્રય કરવો જેથી બધા કાર્ય સિદ્ધ થાય. | સરસ વચન |
| વાર્તાનંબર = ૧૫૧ / વાર્તા પ્રસંગ - ૧ / Page -૩૪૮-૩૫૦ (PDF 394- 396) | સીતાબાઈ, વડનગરની | શ્રીગુસાંઈજી દ્વારિકા પધારતા હતા ત્યાં રસ્તામાં વડનગર મુકામ કર્યો ત્યારે સીતાબાઈ શરણે આવ્યા. સીતાબાઈની ઘરડી માતા અચલબાઈ પણ શ્રીગુસાંઈજીના શરણે આવ્યા. શ્રીગુસાંઈજીએ અષ્ટાક્ષર મંત્ર ત્રણ વાર કહ્યો ત્યારે અચલબાઈએ કહ્યું કે આ રીતના વચનો મને બોલતા આવડતા નથી. | શ્રીગુસાંઈજીએ હસીને કહ્યું કે મારૂ નામ તો તું જાણે છે ને! શ્રીગુસાંઈજીએ કહ્યું કે મારા નામનો જપ કરજે. આવું એ બાઈને કહ્યું પણ બધા વૈષ્ણવોને કહ્યું કે તમે બધા અમારા નામનું સ્મરણ - જપ ન કરશો. કેમકે તમને અષ્ટાક્ષર દાન કર્યું છે. તેથી તમે અષ્ટાક્ષર જપજો. | શ્રીગુસાંઈજીનું નામ પરમ ફળ છે પરંતુ પોતે પોતાના નામની ગોપ્યતા રાખી. તેથી જેને કૃપા કરીને પોતે દાન કરે તેને એ નામનો અધિકાર મળે છે. | સરસ વચન |

| | | | | | |
|---|---|---|---|---|---|
| વાર્તાનંબર = ૧૫૩ / વાર્તા પ્રસંગ - ૧ / Page -૩૫૪-૩૫૭ (PDF 400-403) | એક કાયસ્થ, આગ્રાનો | આ કાયસ્થ રાજનગરમાં શ્રીગુસાંઈજીના શરણે આવ્યો હતો પરંતુ સુરતના સુબા પાસે દીવાનગીરી કરતો હતો. એક દિવસ સુરતના સુબા સાથે એનું ગોવર્ધન આવવાનું થયું ત્યારે શ્રીગુસાંઈજીને મળે છે અને ગોવર્ધનનાથજીના દર્શન કરવાની ઈચ્છા બતાવે છે. શ્રીજીના રાજભોગ આરતી થઈ ચૂક્યા હતા એટલે શ્રીગુસાંઈજીએ એને કીધું કે ઉત્થાપનના દર્શન કરી જજે પરંતુ આ કાયસ્થને સુબા સાથે ઉત્થાપનના દર્શન પહેલા પરત ફરવાનું હતું એટલે એ ચાંપાભાઈ ભંડારીને કહે છે જો તમે આજે ઉત્થાપન્ન દર્શન વહેલા કરવો તો પચીસ હજાર રુપિયા શ્રીનાથજીની આગળ ભેટ કરું અને દસ હજાર રુપિયા તમને ભેટ ધરું. ચંપાભાઈ આ વાત શ્રીગુસાંઈજીને આવીને કહે છે. એ દિવસે શ્રીગુસાંઈજીએ ઉત્થાપન રોજથી બે ઘડી મોડા કરાવ્યા. આ કાયસ્થને શ્રીનાથજીના દર્શન ન થવાથી એનો દેહ છૂટી જાય છે. | શ્રીગુસાંઈજીએ ઉત્થાપન ભોગના દર્શન થયા ત્યારે ભંડારીને કહ્યું કે બોલાવો પેલો કાયસ્થ ક્યાં છે? ત્યારે ભંડારીએ કહ્યું એ તો નિકળી ગયા. આપે તો રોજથી બે ઘડી વાર કરી. ત્યારે શ્રીગુસાંઈજીએ કહ્યું **શું રુપિયા માટે વહેલા ઉત્થાપન કરીએ?** | દ્રવ્યની લાલચે ભગવદ સેવા કરે તો તે બાધક થાય. સેવાનો વિક્રય થાય. દ્રવયની લાલચે પ્રભુને શ્રમિત કરાય નહીં. શ્રીગુસાંઈજીએ આ દિવાનને શ્રીનાથજીના દર્શન ન કરાવ્યા કારણ કે એણે દ્રવ્યનો આશ્રય કર્યો. દ્રવ્યના જોરે દર્શન કરવા ઈચ્છયા. પ્રભુ તો દ્રવ્યને વશ છે નહીં તેથી દર્શન ન કરાવ્યા. | સરસ વચન |

| | | | | | |
|---|---|---|---|---|---|
| વાર્તાનંબર = ૧૫૬ / વાર્તા પ્રસંગ - ૧ / Page -૩૭૦-૩૭૩ (PDF 416-419) | એક બીનકાર, શ્રીનાથજીનો | આ બીનકાર શ્રીગુસાંઈજીનો સેવક હતો પણ એને દ્રવ્યનો ખૂબ સંકોચ રહેતો એટલે શ્રીગુસાંઈજીએ બીનકારને શ્રીનાથજી આગળ બીન વગાડવાની આજ્ઞા આપી અને કીધું કે તારો નેગ મહાપ્રસાદ અહીંથી લયા કર. હવે બીનકારને ત્યાં વિવાહપ્રસંગ આવ્યો એટલે એને વિચાર્યું કે ગુજરાત જઈને દ્રવ્ય લઈ આવું. શ્રીનાથજીએ વિચાર્યું કે બીનકાર ગુજરાત જશે તો બીન કોણ વગાડશે એટલે શ્રીનાથજીએ પોતાની સોનાની કટોરી બીનકારની બીનમાં મૂકી દીધી. બીનકારે વિચાર્યું કે આ કટોરી તો શ્રીનાથજીની છે એટલે બીનકારે એ કટોરી શ્રીનાથજીને પાછી આપે છે. | 1) શ્રીગુસાંઈજીએ કહ્યું કે શ્રીનાથજીએ આ કટોરી તને આપી છે. તે તું રાખી લે. બીનકારે કીધું કે આ તો શ્રીનાથજીની કટોરી છે તે હું કેમ રાખું? ત્યારે શ્રીગુસાંઈજીએ કીધું કે અમારી આજ્ઞા છે, તું રાખ. શ્રીગુસાંઈજીની આજ્ઞા માનીને લીધી પરંતુ તરત જ શ્રીગુસાંઈજીને ભેટ કરી દે છે.<br><br>2)શ્રીગુસાંઈજીએ કહ્યું કે તું પરદેશ ન જા. તારા પર શ્રીનાથજી પ્રસન્ન છે. તારે દ્રવ્ય જોઈએ તો શ્રીનાથજીના ભંડારમાથી અપાવીએ. બીનકાર કહે છે કે શ્રીનાથજીનું દ્રવ્ય કેમ કરીને લેવું? ત્યારે આપે કહ્યું કે તને વૈષ્ણવ દ્વારા કરાવી દઈશુ. ગુજરાતના એક વૈષ્ણવને કીધું કે આ બીનકાર શ્રીનાથજીનું દ્રવ્ય લેતો નથી. અમારું પણ લેતો નથી. દ્રવ્ય માટે પરદેશ જાય એ શ્રીનાથજીને ગમતું નથી. પછી એ વૈષ્ણવ બીનકારને વિવાહકાર્ય માટે દ્રવ્ય આપે છે. | વૈષ્ણવે દેવદ્રવ્ય અને ગુરુદ્રવ્ય સર્વથા ન લેવું. શ્રીનાથજી પોતે સોનાની કટોરી આપે છે તો પણ બીનકાર પોતાના લૌકિક વ્યવહાર માટે શ્રીજીનું દ્રવ્ય રાખતો નથી.<br><br>વૈષ્ણવ જો પોતાની કોઈ પણ કલા માં નિપૂણ હોઇ તો તે સમરપવી જોઈએ અને પ્રભુ એનો અંગીકાર કરે છે<br><br>સર્વસામર્થ્યવાન શ્રીઠાકુરજી એ સામે ચાલીને, શ્રીગુસાંઇજી દ્વારા, દ્રવ્યભેટ કરી હોવાથી, આ પ્રસંગ **અપવાદરૂપ** છે. | સરસ વચન |

| | | | | | |
|---|---|---|---|---|---|
| વાર્તાનંબર = ૧૬૧ / વાર્તા પ્રસંગ - ૧ / Page -૩૮૯-૩૯૧ (PDF 434-436) | એક વૈષ્ણવ, જે ગિરિરાજ ઉપર ચઢ્યો | શ્રીગુસાંઈજી એક સમયે શ્રીજીદ્વાર પધારે છે ત્યાં ગિરિરાજ પર બંને રાહે ગોબર-છાણ લગાવેલું હતું છતાં આ વૈષ્ણવને ગિરિરાજને પગ લગાવી ઉપર ચડતા જોયા. ત્યારે શ્રીગુસાંઈજીએ આ જોઈ માથું હલાવ્યું. તે જોઈને બીજા વૈષ્ણવોએ આનું કારણ પુછ્યું. | શ્રીગુસાંઈજીએ કહ્યું કે શ્રીગોવર્ધન મણિમય જટિત સાક્ષાત ભગવતસ્વરૂપ છે. તેમના પર જે મૂઢ-મૂરખ છે, તે આ રીતે શ્રીગિરિરાજ ઉપર ચઢે છે. શ્રીગોવર્ધન લીલાત્મક, ભગવત્સ્વરૂપ, આનંદમય છે. શ્રીગોવર્ધન પર્વત મહાપ્રભુજીની કાનીથી આપણને દર્શન આપે છે, પણ જીવને જ્ઞાન નથી, તેથી અમે માથું હલાવ્યું. | શ્રીગોવર્ધન હરિદાસવર્ય છે, આ વૈષ્ણવના બહાને બધા વૈષ્ણવોને શિખામણ આપી. શ્રીગોવર્ધન મહાઅલૌકિક છે. એમાં સઘળી લીલા વિદ્યમાન છે. વૈષ્ણવે એમના પર પગ ન મૂકવો. ભગવત દર્શન કે સેવા માટે ઉપર જવું પડે તો પણ દંડવત કરી રાહે રાહે જવું. નહિતર લીલાનો અતિક્રમ થાય. | સરસ વચન |
| વાર્તાનંબર = ૧૬૨ / વાર્તા પ્રસંગ - ૧ / Page -૩૯૧-૩૯૯ (PDF 437-445) | એક બ્રાહ્મણ , વિરક્ત વૈષ્ણવ ગુજરાતનો | શ્રીગુસાંઈજીએ કૃપા કરીને આ વૈષ્ણવને નામ-નિવેદન કરાવી સેવક કર્યો પછી એના તરફ કૃપા દ્રષ્ટિ ભરીને જોયું. તેથી આ વૈષ્ણવને ભગવદલીલાનું જ્ઞાન થયું. એને શ્રીગુસાંઈજીને વિનંતી કરી કે મહારાજ! હવે મને એવો ઉપદેશ આપો કે દુખરૂપી સંસારથી છૂટું અને ભગવદલીલામાં પ્રાપ્તિ થાય. | 1)ત્યારે શ્રીગુસાંઈજીએ કહ્યું કે એ વાત તો ખૂબ અઘરી છે. શ્રીઠાકોરજી કૃપા કરે તો આ દશાની પ્રાપ્તિ થાય. પછી આ વૈરાગી વૈષ્ણવે બધા વૈષ્ણવોના ઉધ્ધાર નિમિત્તે પૂછ્યું કે આપની કૃપાથી આવી તે શી વાત છે જે ન થાય?<br><br>2) શ્રીગુસાંઈજીએ કહ્યું કે પહેલાં તો વૈષ્ણવ એવા હતા કે અવકાશ સમય હોય ત્યારે શ્રીયમુનાજીના કાંઠે બેસીને કીર્તન કરતાં અને હવેનાં વૈષ્ણવ તો એવા છે કે કીર્તન-વાર્તા.... | શ્રીગુસાંઈજીએ આ વૈષ્ણવના નિમિત્તે બધા વૈષ્ણવોને શીખવ્યું કે લૌકિક પ્રપંચનો લેશ પણ મનમાં ન રાખે, સર્વસ્વ કરીને શ્રીગોવર્ધનને જાણીને બધી વાતનો ત્યાગ કરે, વિવેક ધૈર્ય અને આશ્રયનું સ્વરૂપ બતાવ્યુ. સાતે સ્વરૂપના દર્શન કરતી વેળા દરેક એમનો સ્વરૂપ ભાવ કેવી રીતે કરવો એ શીખવ્યું. | સરસ વચન |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | સાંભળતા નથી અને લૌકિક વાર્તા ખૂબ સાંભળે છે. તેના પર શ્લોક કહ્યો ..<br><br>नूनं दैवेन विहता: ये चाच्युत-कथासुधाम ।<br>हित्वा श्रुन्वत्य् सदगाथा: पुरीषमिव् विड्भुज: ॥ | | |
| વાર્તાનંબર = ૧૬૪ / વાર્તા પ્રસંગ - ૧ અને ૨ / Page - ૪૦૪-૪૦૮ (PDF 450-454) | એક અન્યમાર્ગી જેણે સ્મશાનમાં બેસીને ખાધું | અન્યમાર્ગી વૈષ્ણવે દુષ્ટકર્મો કર્યા છે. શ્રીગુસાંઈજીના શરણે આવીને પોતાના પાપ દૂર કરાવડાવવા છે. શ્રીગુસાંઈજીના શરણે આવે છે પછી આ વૈષ્ણવ પરીક્ષા લેવાનું વિચારે છે, તે સ્મશાનમાં જઈને રહે છે, ત્યાં ચિતા પર દાળ બાટી કરીને ખાતો. મનમાં રોજ વિચાર કરતો કે હવે શ્રીગુસાંઈજી મારો ઉધ્ધાર કેવી રીતે કરે છે? | 1) શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી કે સ્નાન કરી આવ. તને અમે નામ આપી શરણે લઈશું. પછી તારા મનમાં આવે તેમ કરજે. અને તને ક્યારેય છોડીશું નહીં. | વૈષ્ણવે શ્રીગુસાંઈજીના વચન પર વિશ્વાસ રાખવો. રાજાએ શ્રીગુસાંઈજીના વચન પર વિશ્વાસ રાખી વૈષ્ણવની જૂઠણ ખાધી તો એનો રોગ મટ્યો. આ વૈષ્ણવે પરીક્ષામા પણ શ્રીગુસાંઈજીનું સતત સ્મરણ કર્યું તો શ્રીગુસાંઈજીએ એની બુધ્ધિ ફેરવી. | સરસ કૃતિ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | એક રાજાને ગલિત કોઢ હતો એણે અનેક દવાઓ કરી પણ રોગ મટ્યો નહીં. એ વ્રજયાત્રા કરવા આવે છે ત્યાં શ્રીગુસાંઈજીને વિનંતી કરે છે આપ મારો રોગ નહીં મટાડો તો કોણ મટાડશે? પછી રાજાએ આ વૈષ્ણવની જૂઠણ ખાતા જ એનો રોગ મટ્યો અને વૈષ્ણવને કીધું કે હું શ્રીગુસાંઈજીના કહેવાથી અહી આવ્યો છું. વૈષ્ણવે વિચાર્યું કે હજી પણ શ્રીગુસાંઈજી મને યાદ કરે છે? મે ખૂબ જ દુષ્ટ કર્મો કર્યા છે છતાં મારા દોષ ન વિચાર્યા. ઊલટાના ગુણ કરીને માન્યા. તેથી મને છોડ્યો નહીં. શ્રીગુસાંઈજી પાસે આવી બ્રહ્મસંબંધ લઈને સેવા પધરાવે છે. | 2) શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી કે આ તારો રોગ તો અહીં સ્મશાનમાં અમારો સેવક રહે છે, એની પાસે જઈ, એની જૂઠણ ખાજે, ત્યારે તારો આ રોગ મટશે. પણ એ વૈષ્ણવ જૂઠણ આપશે નહીં. તેથી તું બડજબરીથી લેજે. મનમાં ગ્લાનિ ન લાવતો. | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| વાર્તાનંબર = ૧૬૬ / વાર્તા પ્રસંગ - ૨ / Page -૪૧૪-૪૧૬ (PDF 460-462) | રૂપા પોરિયા | રૂપા પોરિયા શ્રીનાથજીના મંદિરનાં દ્વારપાળની સેવા કરતાં હતા.<br><br>એમને શ્રીનાથજી સાનુભવ કરાવતા. આમ કરતાં રૂપા પોરિયાનો દેહ છુટયો. એક વખત શ્રીગુસાંઈજી ગોવિંદકુંડ પર સ્નાન કરી શ્રીગોવર્ધનનાથજીનાં મંદિરમાં પધારતા હતા તે વેળા એક કૂતરો શ્રીગુસાંઈજીને જોઈને સામે આવ્યો અને ચરણસ્પર્શની ઇચ્છા કરતો હતો ત્યારે બધા વૈષ્ણવ લાઠી લઈને મારવા લાગ્યા.<br><br>શ્રીગુસાંઈજીએ જ્ઞાનદ્રષ્ટિથી મનમાં વિચાર કર્યો અને એને ઓળખ્યો. શ્રીગુસાંઈજીએ કૂતરાને ચરણસ્પર્શ કરાવ્યા, એના માથા પર ચરણ ધર્યા. એટલામાં કુતરાનો દેહ છૂટી ગયો. ત્યારે વૈષ્ણવોએ વિનંતી કરી કે મહારાજ! પૂર્વ જન્મમાં આ કૂતરો કોણ હતો? | શ્રીગુસાંઈજીએ કહ્યું કે પૂર્વજન્મમાં એ શ્રીનાથજીનો સિંધપોરિયા હતો, રૂપા પોરિયા. શ્રીનાથજીની રાજભોગ આરતીની બાતી-દિવેટ કરતાં હતા. ભંડારમાંથી ઘી લઈ, ગરમ કરી તેમાં બાતી હાથમાં ભીંજવી પછી રૂપા પોરિયાએ હાથ ધોઈ નાખ્યા પરંતુ અજાણતા નખમાં ઘી રહી ગયું. પછી એ મહાપ્રસાદ લેવા બેઠો. તે આ નખમાંનું ઘી ગરમ કઢીમાં આવ્યું તેથી શ્રીનાથજીની અનપ્રસાદી દ્રવ્ય પેટમાં ગયું. તેથી આ અપરાધને લીધે એ કૂતરો થયો. શ્રીઠાકોરજીનું દ્રવ્ય આવું છે. આ સાંભળીને વૈષ્ણવો કહેવા લાગ્યા કે આપણે આ વૈષ્ણવને આવો માર્યો! અજાણતા થયું પણ ખોટું થયું. શ્રીગુસાંઈજીએ વૈષ્ણવોના મનની વાત જાણી. ત્યારે તેમણે વૈષ્ણવોને કહ્યું તમે મનમાં ચિંતા ક્લેશ કરશો નહીં. આટલો માર ખાધો તે તો અપરાધની સજા છે. પૂર્વજન્મમાં કોઈ એને શ્રીનાથજીના દર્શનનું પૂછતા તો એ ચીઢથી જવાબ આપતો. હવે એને કશું બાધક નથી. શ્રી ગોવર્ધનનાથજીનાં ચરણમાં લીન થયો. | શ્રીગુસાંઈજીએ પોતાના સ્વકીયોને રૂપા પોરિયાનાં ઉદાહરણથી બોધ આપ્યો કે ઠાકોરજીની અનપ્રસાદી વસ્તુ સામગ્રી દ્રવ્ય-આદિકથી વૈષ્ણવે સર્વથા સાવધાન રહેવું. કેમેકે અજાણતા પણ એ કોઈ પ્રકારે પેટમાં જાય તો આ ગતિ થાય. વળી, એ પણ બતાવ્યુ કે વૈષ્ણવે વિચારીને બોલવું જોઇએ. | અલૌકિક દ્રષ્ટિ અને સામર્થ્ય |

| | | | | | |
|---|---|---|---|---|---|
| વાર્તાનંબર = ૧૬૭ / વાર્તા પ્રસંગ - ૧ / Page -૪૧૭-૪૨૧ (PDF 463-467) | એક ચૂહડા ગોવર્ધનના | આ ચૂહડા દશ વર્ષનો હતો ત્યારે સાપે એને ડંખ માર્યો તે માર્ગમાં પડ્યો હતો, એ વેળા શ્રીગુસાંઈજી ગોકુળ પધારી રહ્યા હતા એમને આ છોકરાને વેદમંત્ર ભણી એના પર જળ છાંટ્યું. છોકરો હોંશમાં આવ્યો અને શ્રીગુસાંઈજીએ અષ્ટાક્ષર મંત્ર આપી સેવક કર્યો. રોજ શ્રીગુસાંઈજીનું ધ્યાન ધરે અને અષ્ટાક્ષર મંત્રનો જાપ કરે. શ્રીગુસાંઈજીની કૃપાથી શ્રીનાથજી એને દર્શન આપવા લાગ્યા એની સાથે વાતો કરવા લાગ્યા. શ્રીગુસાંઈજીને ખબર પડી કે શ્રીનાથજી બહાર પધારીને ચૂહડાને દર્શન આપે છે અને વાતો કરે છે અને જે દિવસે ચૂહડાને શ્રીનાથજીના દર્શન ન થાય એ દિવસે અન્નજળ લીધા વિના રહે. એક દિવસ ચૂહડા કામકાજમાં અટવાઈ ગયો પછી આવીને જોયું તો તાળાં મંગળ થઈ ગયા છે. શ્રીનાથજી દર્શન ન થવાથી ખૂબ તાપ થયો મંદિરની પાછળ આવીને પડ્યો. શ્રીનાથજી પોતે સિંહાસન પરથી ઊભા થઈને પાછલી તરફ દીવાલમાં બાકોરું કરીને ચૂહડાને દર્શન આપ્યા. શ્રીગુસાંઈજીએ આ વાત જાણી ખૂબ પ્રસન્ન થયા. | શ્રીગુસાંઈજીએ કહ્યું કે રાજભોગ સમયે માળા બોલે ત્યારે મંદિરના કમાડ દ્વાર આગળ બેસજે ત્યારે બધાની પહેલા તને દર્શન કરાવી દઈશું. શ્રીગુસાંઈજીએ ઝાપટિયાને બોલાવીને આજ્ઞા કરી કે આ ચૂહડાને બધાના પહેલા દર્શન કરાવો. શ્રીગુસાંઈજીએ કહ્યું કે આ ચૂહડો ક્યારેય પણ દર્શન વિના રહી ન જાય. આઠે વખત જ્યારે આવે ત્યારે એને દર્શન કરાવ્યા કરો. | જેને પ્રેમભક્તિ સ્ફુરાયમાન થઇ હોય, તેને વિષે જ્ઞાતિમર્યાદા તથા બીજી કોઇ મર્યાદા રહેતી નથી. શ્રીગુસાંઈજીની કૃપાદ્રષ્ટિથી પ્રેમ સ્ફુરયો હતો તેથી શ્રીગુસાંઈજીએ એની સાથે વર્ણાશ્રમ મર્યાદા રાખી નહીં. | અલૌકિક દ્રષ્ટિ |

# વાર્તા ૧૬૮ થી ૨૫૨ (ખંડ ૩ / PDF Part 3)

| વાર્તાનંબર / વાર્તા પ્રસંગ / પેજ નંબર | વાર્તા નામ | પ્રસંગ | સરસ વચન કહી, શંસયનો પરિહાર | રાજ કાજે જોડીયા | શ્રેણી |
|---|---|---|---|---|---|
| વાર્તાનંબર = ૧૬૯ / વાર્તા પ્રસંગ - ૧ / Page -૧-૩ (PDF 31-33) | કાન્હબાઈ | ગોવિંદસ્વામીના બેન કાન્હબાઈ શ્રીગુસાંઈજીના સેવક હતા, શ્રીગુસાંઈજીએ એમને સેવા માટે નવનીતપ્રિયાજીનું સ્વરૂપ સેવા માટે પધરાવી અપપ્યું હતું. કાન્હબાઈને ઠાકોરજી સાનુભવ દેખાડતા.<br><br>કાન્હબાઈને ઘરે શ્રીગુસાંઈજી સખડી મહાપ્રસાદ મોકલતા. એ જ પ્રસાદ ઠાકોરજી આરોગતા. પછી એ પાતળ ઢાંકી રાખતા. ફરી ઠાકોરજી માંગે અને કહે કે કાન્હબાઈ મને ભૂખ લાગી છે ત્યારે કાન્હબાઈ એ જ પાતાળ ઠાકોરજી આગળ ધરતા, આમ પાંચ-સાત વાર એ જ પાતળ ધરતા. આ વાત કોઈ વૈષ્ણવે શ્રીગુસાંઈજીને જઈને કહી. | શ્રીગુસાંઈજીએ કાન્હબાઈને પુછ્યું કે તું મહાપ્રસાદની પાતળ તારા ઠાકોરજીને વારંવાર સમર્પે છે? કાન્હબાઈએ કહ્યું કે મહારાજ! છોકરો એક પાતળ દશ વાર જમે છે, અને દશ વાર જમતાં-જમતાં ભાગી જાય છે. એ સાંભળી શ્રીગુસાંઈજી ચૂપ રહ્યા. (અપવાદ) | શ્રીગુસાંઈજીએ વૈષ્ણવને સમજાવ્યું કે કાન્હબાઈને બાળભાવ સિદ્ધ થયેલો છે. ઠાકોરજી એને છોકરાની જેમ અનુભવ કરાવે છે. એના પર ઠાકોરજી એ રીતે પ્રસન્ન. પણ એની દેખાદેખી બીજા કોઈએ ન કરવી.<br><br> | સરસ વચન |

| | | | | | |
|---|---|---|---|---|---|
| વાર્તાનંબર = ૧૭૭ / વાર્તા પ્રસંગ - ૧ / Page -૩૧-૪૩ (PDF 61-73) | રાજા માનસિંધ, દક્ષિણના | રાજાની ૧૦૮ રાણીઓનાં ભાગ્યમાં સંતાન ન હતું તેથી રાજાને મનોરથ થયો જગન્નાથરાઈજીના દર્શન કરવાનો ત્યાં શ્રીગુસાંઈજીના દર્શન થયા. રાજાએ બધી રાણીઓને શ્રીગુસાંઈજીનાં સેવક થવાનું પુછ્યું. બધી રાણીઓએ સેવક થવાની ના કહી. રાજાએ બધી રાણીઓ જે સેવામાં સહાયક ન હતી તેમનો ત્યાગ કર્યો. | શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી કે રાજા, જે જીવ આસુરી હોય તે શરણે ન આવે. તમે દૈવી જીવ છો. તેથી સહેજમાં જ શરણે આવ્યાં. હવે તમારાં દેશમાં જઈને શ્રીઠાકોરજીની સેવા કરો અને રાજા, હવે તું એક રાણી વધુ પરણીશ. તે તારી સેવામાં અનુકૂળ થશે. | નવી રાણીની (તેલીની દીકરી) સહાયથી રાજા સુંદર રીતે સેવા કરવા લાગ્યા. અવૈષ્ણવનો સંગ સર્વથા ન કરવો. કોઈ ભગવદ સેવામાં સહાય થાય તેના પર પ્રીતિ રાખવી. | સરસ કૃતિ |
| વાર્તાનંબર = ૧૭૯ / વાર્તા પ્રસંગ - ૧ / Page -૫૦-૫૪ (PDF 80-84) | એક શેઠ, જે રાજનગરનો, જે કીડો થયો | શેઠજી પોતે ગૃહસ્થ છે એમ કહી વારંવાર ગોકુળ જવાનું ટાળતાં રહ્યા. શેઠજીનો દેહ છુટયો ત્યાર પછી સર્પની યોનીમાં ધનની રક્ષા કરી, કુતરાની યોનીમાં ઘરની રખેવાળી કરી, ત્યાર બાદ કીડાની યોની થઈ ત્યારે વૈરાગી વૈષ્ણવ તેને ડબ્બીમાં ભરી શ્રીગુસાંઈજી પાસે લઈ આવ્યો. શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી કે હવે યમુનાજીમાં ફેંકી દો. પછી શેઠની ગતિ થઈ. | શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી કે શેઠજી! હવે તમે શ્રીગોવર્ધનનાથજીના દર્શન કરો. શ્રીગોકુળ ચાલો. વ્રજયાત્રા કરો. જમુનાજળ પાન કરો. અમે તો તમારા ઉપર કૃપા કરીશું. અમારી સાથે જ ચાલો. અમે તમને દર્શન કરાવીશું. | શેઠના બહાને જીવનું સ્વરૂપ દેખાડ્યું કે જીવ આવો છે! આપમેળે લૌકિક આસક્તિ સર્વથા છૂટતી નથી. શ્રીગુસાંઈજી પોતે પોતાનાં જીવને ક્યારેય છોડતાં નથી. જીવ કેટલોય સંસારમાં આસકત હોય તો પણ આપ એની સુધી લઈને ઉધ્ધાર કરે છે. | સરસ કૃતિ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| વાર્તાનંબર = ૧૮૨ / વાર્તા પ્રસંગ - ૧ / Page -૯૩-૯૭ (PDF 94-97) | એક બનિયા વૈષ્ણવ, જેને પ્રેમ, આસક્તિ, વ્યસનનો ભેદ કહ્યો | આ વૈષ્ણવ ગુજરાતના એક સંઘમાં ગોકુળ શ્રીગુસાંઈજીના દર્શને આવે છે અને શ્રીગુસાંઈજી પાસે પોતાનો મનોરથ સિદ્ધ થાય એની આજ્ઞા માંગે છે. વૈષ્ણવનો મનોરથ કોઈ સુપાત્ર 100 બ્રાહ્મણને ભોજન કરાવવાનો છે એમ કહે છે. | 1) શ્રીગુસાંઈજીએ કહ્યું કે એક નામધારી વૈષ્ણવને તમે સારી પેઠે પ્રસાદ લેવડાવો, તો સો બ્રાહ્મણને બ્રહ્મભોજન થયું જાણજે. ત્યારે વૈષ્ણવે વિનંતી કરી કે સો નામધારીને લેવડાવું?<br><br>2) શ્રીગુસાંઈજીએ કહ્યું કે એક સમર્પણીને લેવડાવે તો સો નામધારી થયા જાણવા. વૈષ્ણવે વિનંતી કરી કે સો સમર્પણીને લેવડાવું?<br>3) શ્રીગુસાંઈજીએ કહ્યું જે આચાર્યની મર્યાદાથી સેવા કરતાં હોય તેવા એક મર્યાદી, સેવા કરનારને લેવડાવે તો સો સમર્પણી થયા જાણવા. વૈષ્ણવે કહ્યું સો મર્યાદાથી સેવા કરનારને લેવડાવું?<br>4) શ્રીગુસાંઈજીએ કહ્યું કે એક પ્રેમી ભગવાન નામ પ્રેમથી લેતો હોય, પ્રેમથી સેવા કરતો હોય નિષ્કિંચક-ગરીબ હોય એવા એકને લેવડાવે તો સો ભગવદ સેવાવાળા થયા જાણવા. વૈષ્ણવે વિનંતી કરી આવા સોને લેવડાવું?<br><br>5)શ્રીગુસાંઈજીએ કહ્યું એવા સો મળવા દુર્લભ છે. એક આસક્તિવાળાને લેવડાવે તો સો પ્રેમી થયા જાણવા. વૈષ્ણવે વિનંતી કરી કે સો આસક્તિવાળાને લેવડાવું? ............ | ચારે વર્ણમાં બ્રાહ્મણને શ્રેષ્ઠ કહ્યા, એનાથી શ્રેષ્ઠ નામધારી વૈષ્ણવ, એનાથી શ્રેષ્ઠ સમર્પણી, એનાથી શ્રેષ્ઠ આચાર્યએ બતાવેલી મર્યાદા અનુસાર સેવા કરનાર, એનાથી શ્રેષ્ઠ પ્રેમી ભક્ત, એનાથી શ્રેષ્ઠ આસક્તિવાળાને કહ્યા, એનાથી શ્રેષ્ઠ વ્યસન અવસ્થાવાળાને કહ્યા. આવી વ્યસન દશા થાય ત્યારે જીવ કૃતાર્થ થાય છે. શ્રીગુસાંઈજી એકની જ સંખ્યા કહીને એ દેખાડ્યું કે વધારે વૈષ્ણવોને પ્રસાદ લેવડાવવાથી ચિત્ત ચંચળ રહે છે, આચાર પણ સિદ્ધ થતો નથી એટલે જે રીતે ચિત્ત સ્નેહ પારાયણ રહે અને આચાર જળવાય એ રીતે વૈષ્ણવોને મહાપ્રસાદ લેવડાવવો.<br><br> | અલૌકિક દ્રષ્ટિ, સરસ વચન |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | )શ્રીગુસાંઈજીએ કહ્યું કે એક છેલ્લી અવસ્થા કહું છું. તેથી હવે તું ફરી બોલીશ નહીં. એક વ્યસન અવસ્થાવાળાને લેવડાવે તો સો આસક્તિ અવસ્થાવાળા જાણવા. આસક્તિ અવસ્થા તો કુંભનદાસને થઈ, અને વ્યસન અવસ્થા ગજ્જન ધાવનને થઈ, એવા તો મળવા ખૂબ દુર્લભ છે, | | |
| વાર્તાનંબર = ૧૮૬ / વાર્તા પ્રસંગ - ૧ / Page -૮૧-૮૩ (PDF 111-113) | એક વૈષ્ણવ કાયસ્થ, સુરતનો | કાયસ્થ વૈષ્ણવ વર્ષોવર્ષ હિંડોળા, જન્માષ્ટમી અને અન્નકૂટ ગોકુળમાં આવીને કરતો. પછી પોતાનાં ગામ સુરત જઈને પાંચ રૂપિયા કમાઈને પાછો ફરી ગોકુળ આવે. બીજા વૈષ્ણવોએ શ્રીગુસાંઈજીને ફરિયાદ કરી કે આ વૈષ્ણવ અયોગ્ય કાર્ય કરે છે. અહીંથી એક હાંડી લઈ જાય છે અને ત્યાંથી લઈ આવે છે, તેમાં જ દાળ કરે છે<br><br>. શ્રીગુસાંઈજીએ વૈષ્ણવને કહ્યું કે આ માર્ગની રીત નથી. વૈષ્ણવે શ્રીગુસાંઈજીને વિનંતી કરી કે મારી વ્રજ રજની હાંડી છે, એ સોનાની છે. મારૂં વરસે દિવસે આવવું અને જવું, એમાં પાંચ રૂપિયા તો સહેજ લાગી જાય. તે પાંચ..... | શ્રીગુસાંઈજીએ બધાં વૈષ્ણવોને આજ્ઞા કરી કે એ કરે તે તમે ન કરશો, એના ભાવથી કરે તે ઠીક. તમે એને કાંઈ કહેશો નહીં. વર્ષોવર્ષ વ્રજમાં આવવું એનું મોટું ભાગ્ય છે, અને એનો ભાવ જુવો! વ્રજરજનો ભાવ એણે જાણ્યો, વળી, પાંચ રૂપિયા લાવી, હાંડીના બચાવી શ્રીગોવર્ધનનાથજીને સામગ્રી આરોગવે છે. તેથી આ વૈષ્ણવને ધન્ય છે. | શ્રીગુસાંઈજી આ પ્રસંગથી સમજાવે છે કે જેને વ્રજનો ભાવ સ્ફુરે તેને કશું બાધક નથી. ભાવ વિના દેખાદેખી કરીએ તો એનો અપરાધ લાગે, બહિર્મુખ થવાય. વૈષ્ણવે ભગવદીયની ક્રિયા ન જોવી. | સરસ વચન |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | રૂપિયાની સામગ્રી લઈને શ્રીગોવર્ધનનાથજીને અંગીકાર કરાવું છું. | | | |
| વાર્તાનંબર = ૧૮૭ / વાર્તા પ્રસંગ - ૧ / Page -૮૪-૮૬ (PDF 114-116) | એક બનિયા વૈષ્ણવ, જેણે ભૈરવને નારિયેળ ચઢાવ્યું. | આ બનિયા વૈષ્ણવ શ્રીગોવર્ધનનાથજીની ટહેલ કરતાં હતા. એક દિવસ આગ્રાથી બે ગાડા સામગ્રી ભરીને લાવતા હતા ત્યાં રસ્તામાં ગાડા થંભી ગયા. સાથેના બે વૈષ્ણવે કહ્યું કે અહી ભૈરવને નારિયેળ ચઢાવે તો જ ગાડા આગળ જશે. આ બનિયા વૈષ્ણવે ભૈરવને બે નારિયેળ ચઢાવ્યા.<br>પછી બે વૈષ્ણવે શ્રીગુસાંઈજીને ફરિયાદ કરી કે આ વૈષ્ણવે ભૈરવને બે નારિયેળ ચઢાવી અન્યાશ્રય કર્યો છે. ત્યારે આ બનિયા વૈષ્ણવ શ્રીગુસાંઈજીને કહે છે કે મેં બે નારિયેળ ચઢવ્યા ત્યારે બે ગાડા ચાલ્યા. મજૂરને મજૂરી આપતે તો બે રૂપિયા લાગી જતે. આ બે નારિયેળ આપવાથી કામ થયું. એમાં ત્યાં અન્યાશ્રય થયો? | શ્રીગુસાંઈજીએ હસીને કહ્યું કે મજૂરને મજૂરી આપી તેમાં અન્યાશ્રય ક્યાં? | શ્રીગુસાંઈજીએ આવું કહીને દેખાડ્યું કે ભગવત્સબંધી (તત્સુખ નો વિચાર) સંકલ્પ હોય તો અન્યાશ્રય ન થાય. તેથી આ વૈષ્ણવે ભૈરવને મજૂરી સમજીને નારિયેળ આપ્યા. કશો ચમત્કાર જાણીને નારિયેળ ચઢાવતે તો અન્યાશ્રય થતો. | સરસ વચન |

| | | | | | |
|---|---|---|---|---|---|
| વાર્તાનંબર = ૧૮૯ / વાર્તા પ્રસંગ - ૧ / Page -૮૯-૯૦ (PDF 119-120) | એક પારધી | આ પારધી જન્મથી જ દુષ્ટ કર્મ કરે. માનસરોવર પર શિકાર કરવા ગયો ત્યાં હંસ-હંસી જેમણે શ્રીગુસાંઈજીએ નામ સુનાવ્યું હતું એમના સ્પર્શથી આ પારધીની બુધ્ધિ નિર્મળ થઈ. જ્ઞાન થયું અને મનમાં વિચારે છે કે હવે હું વૈષ્ણવ થવું તો ઠીક એમ વિચારીને શ્રીગુસાંઈજીનાં શરણે આવે છે. | શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી કે તું જીવ હત્યા ક્યારેય ન કરીશ અને ચાકરી ખેતી કરીને ગુજારો કરજે. | In "Naamratnakhya" stotra one of the name given to Shree Gusainji is "મહાપતિતપાવન". જીવ કેટલોય પતિત હોય પણ શ્રીગુસાંઈજીનાં શરણે આવે તેનો શ્રીગુસાંઈજી પોતે નિશ્ચય ઉધ્ધાર કરે છે. | સરસ વચન |
| વાર્તાનંબર = ૧૯૨ / વાર્તા પ્રસંગ - ૧ / Page -૧૦૨-૧૦૪ (PDF 132-134) | એક વૈષ્ણવ ગુજરાતનો જેને માહાત્મ્ય દેખાડ્યું | શ્રીગુસાંઈજી દ્વારિકા પધાર્યા રસ્તામાં મુકામ કર્યો ત્યાં વ્રજવાસીઓ રસોઈ કરવા લાગ્યા - અચાનક વરસાદ ચઢી આવ્યો. એ વૈષ્ણવોએ શ્રીગુસાંઈજીને વિનંતી કરી કે મહારાજ! હવે કેમનું કરીએ? | શ્રીગુસાંઈજીએ કહ્યું કે,"અરે! વરસાદ! તું સંભાળીને આવજે, અમે આન્યોરના છીએ. બધા વાદળ વિખરાઈ ગયા." | This way Shree Gusainji showed the meaning of HIS true form, he is none other than Shree Krishna.<br>શ્રીપુરુષોત્તમ પોતે દ્વિજરૂપ ધારણ કરી પ્રકટ થયા છે.<br>"શ્રીપુરુષોત્તમ સ્વતંત્ર ક્રીડા લીલા દ્વિજ તનુ ધારી, સાત દિવસ ગિરિવર કર ધાર્યો વાસવ વૃષ્ટિ નિવારી" | અલૌકિક દ્રષ્ટિ અને સામર્થ્ય |
| વાર્તાનંબર = ૧૯૫ / વાર્તા પ્રસંગ - ૧ / Page -૧૦૯-૧૧૧ (PDF 139-141) | મા-દીકરી, રાજનગરનાં | શ્રીગુસાંઈજીએ નિષ્કિંચન મા-દીકરીને સેવા પધરાવી આપી અને આજ્ઞા કરી કે તમે દાળ-રોટી તો ઘરમાં કરો છો ને? એ ઠાકોરજીને ભોગ ધરો. બાજરી તો ઘરમાં છે ને? એ મંગલા, ઉત્થાપન અને બંટામાં ભોગ ધર્યા કરો. સાડી તો પહરે છે ને? એમાંથી એક હાથ ફાડી લઈ.... | શ્રીગુસાંઈજીએ વૈષ્ણવોને પુછ્યું કે,"તમારો આની સાથે વહેવાર છે? એમને કહ્યું કે રાજ! નથી, ત્યારે આપે કહ્યું કે અમારો તો છે. આવું કહીને આપે બાજરી નાં દાણાનો મહાપ્રસાદ શ્રીમુખમાં મૂક્યો." | Eventhough these Vaishnavas didn't have enough money to perform Shree Thakoraji's seva, Shree Gusainji recognized their true devotion and gave them an opprtunity to perform the seva.<br>નિષ્કંચન હોય તો પણ માં-દીકરીની જેમ સેવા કરવાથી દીનતા અને દાસપણું સિદ્ધ થાય. પ્રભુ સાક્ષાત અનુભવ દેખાડે, વૈષ્ણવ સભાગી થાય. | સરસ વચન |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | એના વસ્ત્ર પ્રભુને ધરાવા કર. શ્રીગુસાંઈજી છઠ્ઠી વાર રાજનગર પધાર્યા ત્યારે મા-દીકરી નાં ઘરે પધાર્યા - ઉત્થાપન ભોગમાં ઠાકોરજી બાજરીનાં દાણા આરોગી રહ્યા હતા. | | | |
| વાર્તાનંબર = ૧૯૭ / વાર્તા પ્રસંગ - ૧ / Page -૧૧૬-૧૧૯ (PDF 146-149) | એક શેઠ, વૈરાગી, જેમની મેંડ પરથી ફૂતરો નીકળી ગયો | વૈરાગીને ત્યાં મહાપ્રસાદ મૂક્યો હતો ત્યાં ફૂતરો મેંડમાંથી નીકળી ગયો. શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી મહાપ્રસાદ લો. મહાપ્રસાદ ન છોવાય. શેઠને ત્યાં મહાપ્રસાદ મૂક્યો હતો ત્યાં ફૂતરો મેંડમાથી નીકળી ગયો. શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી મહાપ્રસાદ છોવાઈ ગયો. તમારાથી ન લેવાય. શેઠને ત્યાં ફરી રસોઈ થઈ, પુસ્તકને ભોગ ધરી મહાપ્રસાદ લીધો. શેઠે આનું કારણ પુછ્યું. | શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી કે, "વૈરાગી વૈષ્ણવથી ફરી રસોઈ ન થતે, એ ભૂખ્યો રહેત, મહાપ્રસાદ બીજે ક્યાય લેવા ન જાત. તમારે તો તરત રસોઈ બની, ભોગ ધર્યો, ભોગ સરાવી, મહાપ્રસાદ લીધો. તમે શેઠ છો તેથી છોવાઈ જાય વૈરાગીનો ન છોવાય." | Shree Gusainji was very practical. One supposed to follow the Apras as per one's Varnashram Dharma and personal capacity. અપરસ શક્તિ મુજબ છે, પણ છળ કપટ ન કરવું. શક્તિ કરતાં વધારે કે ઓછી અપરસનો આગ્રહ ન રાખવો. વૈષ્ણવ યથાશક્તિ આગ્રહપૂર્વક અપરસ રાખે. | સરસ વચન |
| વાર્તાનંબર = ૧૯૯ / વાર્તા પ્રસંગ - ૧ / Page -૧૨૨-૧૨૪ (PDF 152-154) | એક બ્રાહ્મણ, વૈષ્ણવ, શુકનવાળો | આ વૈષ્ણવ શુકનવિદ્યામાં કુશળ હતો. શ્રીગુસાંઈજીથી વિદાય લેવા આવ્યો ત્યારે શ્રીગુસાંઈજીએ કહ્યું કાલે જજે ત્યારે ન માન્યો પણ ગામ બહાર ગધેડો મળ્યો તો પાછો આવ્યો. | શ્રીગુસાંઈજીએ કહ્યું કે, "અમે કહ્યું કે કાલે જજે તો તે માન્યું નહીં અને ગધેડાને અપશુકન માનીને તું ન ગયો, એ શું? અમારા વચન પર તને આટલોય વિશ્વાસ ન રહ્યો અને શુકન પર તને... | અન્યાશ્રયથી બચાવ્યા. ભગવદ નામનો આશ્રય કરવો એ દેખાડ્યું. ભગવદ ઈચ્છા જ સર્વોપરી છે. પુષ્ટિમમાર્ગીય વૈષ્ણવ માટે જે દિવસે પ્રભુ નાં દર્શન થાય, સેવા થાય, સ્મરણ થાય તે જ દિવસ સારો છે. | સરસ વચન |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | આટલો વિશ્વાસ? શ્રીગુસાંઈજીએ કૃપા કરીને કહ્યું કે ભગવદ નામ અષ્ટાક્ષર લઈને ચાલવું." | | |
| વાર્તાનંબર = ૨૦૦ / વાર્તા પ્રસંગ - ૧ / Page -૧૨૫-૧૨૬ (PDF 155-156) | એક બાઈ, જેનો દીકરો ધાડ પાડતો | શ્રીગુસાંઈજી આ બાઈને સેવક કરે છે પરંતુ એનો દીકરો લૂંટફાટ કરે છે. શ્રીગુસાંઈજીના દર્શન થતાં બાઈના દીકરાની બુદ્ધિ ફરી અને શ્રીગુસાંઈજીને સેવક કરવાની વિનંતી કરે છે. | શ્રીગુસાંઈજીએ કહ્યું કે, "તું ધાડ પાડે છે. લૂંટફાટ કરે છે. તેથી અમે તને સેવક નહીં કરીએ." ત્યારે એણે વિનંતી કરી કે આજથી આ કામ છોડું છું, ખેતી કરીશ, ચાકરી કરીશ પણ આ કામ સર્વથા નહીં કરું. શ્રીગુસાંઈજીએ કહ્યું કે આજ પછી આવું કામ સર્વથા ન કરીશ. | After becoming Shree Gusainji's sevak, he kept his promise and started farming instead. Shree Gusainji taught him that Vaishnav shouldn't earn the money by wrong doing. કોઈને કષ્ટ પહોંચે એવું કાર્ય કરવાથી ઠાકોરજી ક્યારેય પ્રસન્ન થતાં નથી. | સરસ કૃતિ, સરસ વચન |
| વાર્તાનંબર = ૨૦૧ / વાર્તા પ્રસંગ - ૧ / Page -૧૨૭-૧૨૯ (PDF 157-159) | ઉત્તમદાસ ક્ષત્રી, ગુજરાતના | ઉત્તમદાસના દેશમાં એક જરીનો પરકાલો વેચાવા આવ્યો. ઉત્તમદાસે વિચાર્યું કે આ તો શ્રીગુસાંઈજીને લાયક છે તેથી ખરીદી લીધો અને શ્રીગુસાંઈજીની આગળ ધર્યો. | શ્રીગુસાંઈજીએ કહ્યું કે, "આ પરકાલો તો શ્રીનાથજીને લાયક છે." શ્રીગુસાંઈજી ઉત્તમદાસને લઈને શ્રીનાથદ્વાર પધાર્યા અને પરકાલો શ્રીનાથજીને અંગીકાર કરાવ્યો. | Here Shree Gusainji shows Sevak's dharma. સેવક ધર્મ છે કે પોતાના પ્રભુને ઉત્તમ વસ્તુ અંગીકાર કરાવવી. | સરસ વચન |

| | | | | | |
|---|---|---|---|---|---|
| વાર્તાનંબર = ૨૧૬ / વાર્તા પ્રસંગ - ૧ / Page -૧૮૬-૧૯૮ (PDF 217-228) | બલાઈ સ્ત્રી-પુરુષ, ગુજરાતનાં | બલાઈ સ્ત્રી પુરુષ શ્રીગુસાંઈજીનાં દર્શન વિના રહી સકતા નથી. શ્રીગુસાંઈજીને વિનંતી કરે છે કે દેહસંબંધીઓ તો ખૂબ નિષિદ્ધ છે તેથી શો ઉપાય કરીએ? આપ ભલું જાણો એ કરો. પણ હવે આપનો વિપ્રયોગ સહેવાતો નથી. આપણાં ચરણ કમળનો આશ્રય વધતો રહે એવો ઉપાય કરો. | શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી કે," અલૌકિકવાળાને સંસારની કઠણતા છે. તમે બંને સ્ત્રી પુરુષ ભરથાર અમારા છો એમાં કોઈ સંદેહ નથી. અહી લૌકિકમાં નિંદા ન થાય એવો ઉપાય કરવો જોઇયે કેમ કે તમારા દેહ સંબધીઓ નીચ છે." શ્રીગુસાંઈજી તેમણે દૂર વનમાં જઈને રહેવાની આજ્ઞા આપે છે. આપશ્રીના પાદુકાજી,ઉપરણા પધરાવી સેવા કરવાની, ભગવદ વાર્તા અને ભગવદ નામ લેવાની આજ્ઞા કરે છે. | ગોપ્ય સેવા જ ભક્તને ફલરૂપ બને છે. બધા જાણે ત્યારે કિર્તિ-પ્રતિષ્ઠામાં બધુ જતું રહે. જેમ નદીનાં પ્રવાહમાં કોઈ વસ્તુ નાખીએ એ વહી જાય તેમ જતું રહે. Following Shree Gusainji's agyaa they statred experiencing thakoraji's sanubhaav. | સરસ વચન |
| વાર્તાનંબર = ૨૨૨ / વાર્તા પ્રસંગ - ૧ / Page -૨૧૮-૨૨૩ (PDF 248-253) | એક શેઠનો દીકરો, દક્ષિણનો, જેણે માનસી કરી | શ્રીગુસાંઈજીના સેવક એક શેઠ જેણે ઠાકોરજીની સેવા ખૂબ સુંદર રીતે કરી પરંતુ એમના હરિ શરણ થયા પછી શેઠનો દીકરો વૈષ્ણવ થતો નહીં કારણ કે એને બીક હતી કે સેવા કરવાથી દ્રવ્ય બધુ ખર્ચાઈ જશે. | શ્રીગુસાંઈજીએ કહ્યું કે, "તારા બાપા તો દ્રવ્ય ખર્ચીને સેવા કરતાં પણ તને એવી સેવા બતાવીએ જેમાં એક પૈસા નો ખર્ચ ન થાય અને તારા બાપા સેવા કરતાં એવી સેવા થાય." | શ્રીગુસાંઈજીએ માનસી સેવાનો પ્રકાર બતાવ્યો એનું મન એમાં લાગી ગયું અને માનસી માં જ પ્રભુ એને અનુભવ કરાવવા લાગ્યા. પછી શ્રીગુસાંઈજી પાસેથી સાક્ષાત સેવા કરવાની આજ્ઞા માંગે છે. Since this Vaishnav was afraid to loose his wealth by performing Shree Thakoraji's seva, Shree Gusainji asked him to do shree thakoraji's seva until Rajbhog. પછી ધંધો કરજે. જેથી દ્રવ્ય ઘટે નહીં. વળી જેટલું ખરચસે એટલું કમાશે. With Shree Gusainji's blessing he was able to do both laukik and alaukik karya. | સરસ કૃતિ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| વાર્તાનંબર = ૨૨૩ / વાર્તા પ્રસંગ - ૧ / Page -૨૨૪-૨૩૯ (PDF 254-269) | એક શેઠની દીકરી જેને મદનમોહન જી કર્યા | ડોશીએ પોતાના મદનમોહન પ્રભુ સિવાય બીજા કોઈ ઠાકોરજીના સ્વરૂપને જોયા ન હતા. વૈરાગી વૈષ્ણવ પોતાના બાલકૃષ્ણ પ્રભુને પધરાવી ડોશીમાંના ઘરે આવે છે ત્યારે આ ડોશીના ભાવને વશ થઈને વૈરાગી વૈષ્ણવના ઠાકોરજી બાલકૃષ્ણ પ્રભુ મદનમોહનજી બન્યા. બંનેનો ઝગડો શ્રીગુસાંઈજી પાસે પહોંચ્યો. | શ્રીગુસાંઈજીએ વૈરાગી વૈષ્ણવને કહ્યું કે વૈષ્ણવ, "આ શ્યામ સ્વરૂપ મુરલી મનોહર તારા છે. આના ભાવથી આવા થઈ ગયા છે. આ ડોશી સાચી છે. તારું મન લાલજીમાં હોય તો અમે બીજા બાલકૃષ્ણજી પધરાવી આપીએ. આ સ્વરૂપને અમે રાખીએ. જ્યાં સુધી સ્નેહ ન હોય ત્યાં સુધી શ્રીઠાકોરજી અનુભવ ન જતાવે. સ્નેહ હોય તો ઠાકોરજી એક ક્ષણમાં પ્રસન્ન થાય." | Shree Gusainji solved the problem and showed ઠાકોરજી સ્નેહથી વશ થાય છે. વૈષ્ણવે પોતાના સાધનોનું અભિમાન કરવું ન જોઇયે. પુષ્ટિમાર્ગમાં તો ભગવદ અનુગ્રહ જ નિયામક છે. | સરસ કૃતિ |
| વાર્તાનંબર = ૨૨૫ / વાર્તા પ્રસંગ - ૧ / Page -૨૪૫-૨૫૩ (PDF 275-283) | સ્ત્રી - પુરુષ બ્રાહ્મણ, જેની સ્ત્રીને શ્રીનાથજી સદેહે લઈ ગયા. | બ્રાહ્મણ સ્ત્રી-પૂરુષ શ્રીનાથદ્વાર ગોવર્ધનનાથજીના દર્શન કરવા ગયા ત્યારે ઠાકોરજી પોતે મંદિરમાંથી ઊભા થઈ, ભીડમાં ધસી જઈ, બ્રાહ્મણ સ્ત્રીનો હાથ પકડીને નિજમંદિરમાં લઈ પધાર્યા. શ્રીગુસાંઈજી મંદિરમાં ઊભા હતા તેમણે આ વાત જાણી, જોઈ. બ્રાહ્મણ પુરુષ હવે પોતાની સ્ત્રીને શોધે છે અને શ્રીગુસાંઈજીને વિનંતી કરે છે. | શ્રીગુસાંઈજીએ બ્રાહ્મણને કહ્યું કે તું શા માટે રડે છે! તારી સ્ત્રીતો ગોવર્ધનનાથજીની પાસે છે. તેનો તો શ્રીગોવર્ધનનાથજીએ પોતે અંગીકાર કર્યો છે. એને ગોવર્ધનનાથજીના દર્શન ન થયા ત્યારે એને તાપક્લેશ થયો. તેથી ગોવર્ધનનાથજી એનો હાથ પકડીને લઈ ગયા. હવે તો એ નિજધામમાં પ્રાપ્ત થઈ છે હવે આ વાતમાં કોણ બોલી શકે! શ્રીગુસાંઈજી બ્રાહ્મણનો હાથ પકડીને પરસોલી તરફ લઈ ગયા. ત્યાં ગોવર્ધન્નાથજીને વિનંતી કરી કે મહારાજ! આ બ્રાહ્મણની સ્ત્રીને દેખાડી દો, તો એ ખાનપાન કરે. આ તો ખૂબ રડે છે. | શ્રીગુસાંઈજીની કૃપાથી આ બ્રાહ્મણ વૈષ્ણવનો હાથ પકડીને શ્રીનાથજી પધાર્યા અને દેખાડ્યું કે એકાંત સ્થળમાં જ્યાં બધા યૂથ-સમૂહ બેઠા છે ત્યાં એની સ્ત્રી સ્વામીનિજીની નિકટની સખી પાસે ઊભી હતી. હવે, આ બ્રાહ્મણથી પણ વિરહ-તાપ ક્લેશ થયો અને લીલામાં પ્રાપ્ત થયો. | અલૌકિક સામર્થ્ય |

| | | | | | |
|---|---|---|---|---|---|
| વાર્તાનંબર = ૨૨૬ / વાર્તા પ્રસંગ - ૧ / Page -૨૫૪-૨૫૬ (PDF 284-286) | એક શ્રાવકની દીકરી | શ્રાવકની દીકરી જળ ભરવા જતી હતી ત્યારે રસ્તામાં ચોરને શૂળી પર ચડાવેલો જોઈને મૂર્છા આવી ગઈ તે શ્રીગુસાંઈજીએ જોયું અને વ્રજવાસીને આજ્ઞા કરી કે આ છોકરીને ઉઠાવી લાવો. | શ્રીગુસાંઈજીએ એના પર જળ છાંટતા કહ્યું " આને જેટલો રંગ ચડાવવો હોય એટલો ચઢે! શ્રીગુસાંઈજીએ કૃપા કરી તેના માથે ઠાકોરજી પધરાવ્યા અને સેવાની રીત ભાત શીખવાડી. " | After giving the initiation to his disciple Shri Gusainji would make sure that his disciple knows how to perform thakoraji's seva. he stayed with his disciple and guided him આ શ્રાવકની દીકરીને સેવાથી અલૌકિક સામર્થ્ય પ્રાપ્ત થયું. | અલૌકિક સામર્થ્ય |
| વાર્તાનંબર = ૨૪૪ / વાર્તા પ્રસંગ - ૧ / Page -૩૨૬-૩૩૪ (PDF 356-364) | છીતસ્વામી | છીતસ્વામી અને એમના ચારેય મિત્રો ગુસાંઈજી સાથે કુટિલ વિદ્યા કરવાનું વિચારીને, ખોટો રૂપિયો અને થોથું નારિયેળ લઈને ગુસાંઈજીને મળવા ગોકુલ જાય છે પરંતુ છીતસ્વામીને શ્રીગુસાંઈજીના અલૌકિક રૂપે દર્શન થાય છે. | શ્રીગુસાંઈજીએ કહ્યું કે તમે તો ચોબા છો, અમારાં પૂજનીય છો. તમને તો બધું આપમેળે સિદ્ધ થાય છે. તમે અમને દંડવત કેમ કરો છો? છીતસ્વામી તમે ભેટનું નારિયેળ લાવ્યાં છો તમે શા માટે સંતાળો છો? તમે તો અમારાં છો પછી ડરો છો શા માટે? | શ્રીગુસાંઈજીનાં દર્શન કરતાં જ છીતસ્વામીના મનની કુટિલતા દૂર થઈ ગઈ. શ્રીગુસાંઈજીની કૃપાથી છીતસ્વામીનાં મનમાં ખોટા નારિયેળ અને ખોટા રૂપિયાનો પસ્તાવો હતો એ તાપ પણ દૂર થયો. Shree Gusainji had insight vision to identify the daivee jeev. | અલૌકિક સામર્થ્ય |
| વાર્તાનંબર = ૨૪૪ / વાર્તા પ્રસંગ - ૩ / Page -૩૩૮-૩૪૧ (PDF 368-371) | છીતસ્વામી | છીતસ્વામી બીરબલ પાસે વર્ષાસન લેવા ગયા હતા પરંતુ બીરબલનો તિરસ્કાર કરીને ચાલ્યાં આવે છે એ વાત શ્રીગુસાંઈજીએ સાંભળી એટલે શ્રીગુસાંઈજીએ લાહોરના વૈષ્ણવોને કહ્યું છીતસ્વામીને અમે તમારી પાસે મોકલીએ છીએ. એમની ટહેલ તમે સારી રીતે કરજો પરંતુ છીતસ્વામીએ કહ્યું હું લાહોર જઈને શું કરીશ? વૈષ્ણવ થઈને ભીખ માંગીશ? રાજના ચરણકમળને છોડીને મારે શું કામ છે? | શ્રીગુસાંઈજીએ કહ્યુ વૈષ્ણવનો આ જ ધર્મ છે. લાહોરના વૈષ્ણવને પત્ર લખી કહ્યું કે છીતસ્વામી તો અહીંથી આવી સકતા નથી. તેથી એની જે કઈ પણ ટહેલ તમારાંથી બની શકે તે અહીં માણસ સાથે હૂંડી કરાવી મોકલી આપજો. | શ્રીગુસાંઈજીએ પણ બીરબલના વર્ષાસન જેટલું છીતસ્વામીને કરાવી આપ્યું માટે વૈષ્ણવે દ્રઢ વિશ્વાસ ઠાકોરજી પર રાખવો. વૈષ્ણવે આવી અનન્યતા રાખવી. છીતસ્વામીએ વિશ્વાસ રાખ્યો તો જન્મભર દ્રવ્ય બીજે ઠેકાણે યાચવું ન પડયું માટે જીવે આવો એક પ્રભુનો આશ્રય રાખવો. | સરસ કૃતિ |

